લાભ શુભ લાભપાંચમ

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

શુભ

વિશ્વાસ એજ પરંતુ અંદાજ નવો

www.saurashtrabhoomi.com

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

વર્ષ : ૪૮ અંક : ૨૭૭ જૂનાગઢ તા.૦૬-૧૧-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 277, Junagadh : Date : 06 November, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

Post Regn. G/JND/24 (VALID up to 31-12-2026) RNI Regn. No. 27509/67 • Ph. : (0285) 2621000/ 2651800 • E-mail : saurashtrabhoomi@gmail.com Website : www.saurashtrabhoomi.com

# ટ્રમ્પ - કમલા વચ્ચે કાંટે કી ટક્કર : પરીણામો અંગે ભારે સસ્પેન્સ

## બહુમત માટે ૨૭૦ ઈલેકટોરલ વોટ જરૂરી : ટ્રમ્પને ૨૩૦, કમલા હેરીસને ૨૧૦ વોટ મળ્યા : મતગણતરી ચાલુ



વોશીંગ્ટન, તા.૬: અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતદાન પૂર્ણ થતાની સાથે જ પરિણામ આવવાનું શરૂ થઈ ગયું છે. અત્યાર સુધીમાં ૩૭ રાજ્યોના પરિણામ આવી ચૂકયા છે. જેમાંથી ૨૪માં રિપબ્લીકન પાર્ટીના ડોનાલ્ડ ટ્રમ્પ અને ૧૩માં ડેમોક્રેટિક પાર્ટીના કમલા હેરિસનો વિજય થયો છે.અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામોનો ટ્રેન્ડ ખૂબ જ રોમાંચક બની રહ્યો છે. મતગણતરી વચ્ચે લાંબા સમય બાદ કમલા હેરિસે જોરદાર વાપસી કરી છે. હવે કમલા હેરિસ ૨૧૦ સીટો પર આગળ ચાલી રહી છે. તે જ સમયે, ડોનાલ્ડ ટ્રમ્પ ૨૩૦ સીટો પર આગળ છે.

અત્યાર સુધી મતદાનમાં કોઈ મોટો ફેરફાર થયો નથી. ડેમોક્રેટ્સને વફાદાર વાદળી રાજ્યએ કમલાને જીત અપાવી છે. જ્યારે, ડોનાલ્ડ ટ્રમ્પ રિપબ્લીકન પાર્ટીના વફાદાર લાલ રાજ્યમાંથી જીતી રહ્યા છે. જ્યાં સુધી ૭ રાજ્યોના પરિણામો નહી આવે ત્યાં સુધી કોઈપણ પક્ષ જીતનો દાવો કરી શકે નહીં. સ્વીંગ સ્ટેટ્સ એવા રાજ્યો છે જ્યાં બંને પક્ષો વચ્ચે વોટ માર્જિન ખૂબ જ ઓછું રહે છે. આ કોઈપણ તરફ જઈ શકે છે. આ રાજ્યોમાં ૯૩ સીટો છે. અત્યાર સુધી ટ્રમ્પે આમાંથી નોર્થ કેરોલિનામાં જીત મેળવી છે. ન્યુયોર્ક ટાઈમ્સનાં જણાવ્યા અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પ બાકીના ૭માંથી ૪ રાજ્યોમાં આગળ છે. ૫૩૮ ઈલેક્ટોરલ વોટ એટલે કે અમેરિકાના ૫૦ રાજ્યોમાં સીટો માટે વોટિંગ ભારતીય સમય અનુસાર મંગળવારે સાંજે ૪ વાગ્યે શરૂ થયું અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતગણતરી ચાલુ છે. ડેમોક્રેટ કમલા હેરિસ અને રિપબ્લીકન ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે કાંટે કી ટક્કર છે. બંનેએ જીતવા માટે પોતાની પૂરી તાકાત લગાવી દીધી છે. આવી સ્થિતિમાં શું પરિણામ આવશે તે જોવું અત્યંત રસપ્રદ રહેશે.

## મહારાષ્ટ્રમાં ભાજપે ૪૦ બળવાખોર નેતાઓની હકાલપટ્ટી કરી

મુંબઈ,તા.૬

મહારાષ્ટ્રમાં ભાજપે વિધાનસભાની ચૂંટણી પહેલા જ બળવાખોર નેતાઓ સામે મોટી કાર્યવાહી કરી છે. ભાજપે શિસ્તભંગના આરોપો હેઠળ ૪૦ નેતાઓની હકાલપટ્ટી કરી છે. આ તમામ નેતાઓ રાજયનાં ૩૭ વિધાનસભા મતવિસ્તારોમાં પાર્ટીને નુકસાન પહોંચાડી રહ્યા હતા. મહાયુતિએ તેનો મેનિફેસ્ટો જાહેર કર્યા બાદ આ કાર્યવાહી કરી છે. ભાજપમાં બળવાખોરો ઘણી બેઠકો પર પાર્ટી માટે મોટો પડકાર બની ગયા છે. ટિકિટ નહી મળવાથી નારાજ બળવાખોર નેતાઓમાં બે પૂર્વ સાંસદો પણ સામેલ છે. નંદુરબારથી હીના ગાવિત અને જલગાંવથી એટી પાટીલ પાર્ટી માટે મુશ્કેલી ઊભી કરી રહ્યા હતા. હીના ગાવિત ૨૦૧૪ અને ૨૦૧૯માં બે વખત નંદુરબારથી સાંસદ રહી ચૂકી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં તે કોંગ્રેસના ગોવાલ પાડવી સામે હારી ગઈ હતી. આવી સ્થિતિમાં તે હવે ધારાસભ્ય બનવા માંગતી હતી. પરંતુ ટિકિટ નહી મળતાં તે નારાજ થઈ ગઈ હતી અને અપક્ષ ઉમેદવાર તરીકે દાવો ઠોક્યો હતો. જ્યારે એ.ટી.પાટીલ પણ જલગાંવ વિધાનસભા બેઠકથી પાર્ટી માટે મુશ્કેલીનું કારણ બન્યા છે.

## હિન્દુ મંદીરમાં હિંસાનો મામલો કેનેડાની સંસદમાં ગાજ્યો : ટ્રુડો ભીંસમાં

ઓટાવા (કેનેડા), તા.૬ કેનેડાનાં બ્રેમ્પટનમાં મંદિરમાં હાલમાં જ થયેલી હિંસા પર મંગળવારે સંસદમાં નેતાઓના નિવેદનો આવ્યા છે. પીએમ જસ્ટીન ટ્રૂડોએ બ્રેમ્પટનનાં હિન્દૂ શબ્દનો ઉલ્લેખ પોતાનાં ભાષણમાં નહોતો કર્યો. ટ્રુડોએ શીખો અને હિન્દુઓનાં દક્ષિણ એશીયાઈ સમુદાય કહીને એ વાત પર જોર આપ્યુ કે હિંસા કરનારાને કોઈ ધર્મનાં પ્રતિનિધિ તરીકે ન જોવા જોઈએ.

ટ્રૂડોએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાંક દિવસોમાં અમે દક્ષિણ એશીયાઈ સમુદાયોમાં હિંસા જોઈ છે. જેની અમે નિંદા કરીએ છીએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હું બિલકુલ સ્પષ્ટ કહી દઉ છુ કે જે લોકો હિંસા અને નફરત ભડકાવે છે તેઓ કોઈપણ રીતે શીખ કે હિન્દૂ સંપ્રદાયનું પ્રતિનિધિત્વ નથી કરતા.

જોકે સંસદમાં વિપક્ષ નેતા પિયેટ પોઈલીવરે જસ્ટીન ટ્રૂડોને ઘેર્યા હતા. તેમણે કહ્યું હતું કે તેમણે બ્રેમ્પટનમાં હિન્દુ મંદિરમાં થયેલી હિંસા પર સવાલ ઉઠાવતા કહ્યું હતું કે આખરે શા માટે આવી ઘટનાઓ બને છે ?

## જીએસટી ચોરી : ૧૮૦૦૦ બોગસ કંપનીઓએ સરકારી તિજોરીને રૂા. ૨૫ હજાર કરોડનો ધુંબો માર્યો

નવી દિલ્હી, તા.૬: દેશમાં વર્ષ ૨૦૧૭થી જીએસટી લાગુ થયો ત્યારથી લોકો ચોરીનાં અવનવા નુસ્ખા શોધી રહ્યા છે. ટેક્સ અધિકારીઓ દ્વારા ૧૮ હજાર બોગસ કંપનીઓ બનાવીને ૨૫ હજાર કરોડ રૂપિયાની ચોરી કર્યાનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. જીએસટી વિભાગે રજિસ્ટર્ડ થયેલી આશરે ૧૮ હજાર નકલી કંપનીઓ શોધી કાઢી છે. આ કંપનીઓ દ્વારા આશરે ૨૫ હજાર કરોડ રૂપિયાની ચોરી કરવામાં આવી છે.

નકલી કંપનીઓ સામે તાજેતરમાં રાષ્ટ્રવ્યાપી અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેમાં અધિકારીઓએ ૭૩ હજાર કંપનીઓની ઓળખ કરી હતી. તેમાં માત્ર ઈનપુટ ટેક્સ ક્રેડિટનો લાભ ઉઠાવવા માટે જ સ્થાપવામાં આવી હોવાનો ખુલાસો થયો હતો. આ રીતે કંપનીઓ સરકારી તિજોરીને ચૂનો લગાવતી હતી.

અધિકારીઓએ જણાવ્યું કે, નકલી રજિસ્ટર્ડ થયેલી કંપનીઓ સામે દેશવ્યાપી અભિયાન દરમ્યાન આશરે ૭૩ હજાર જીએસટીઆઈએનની ઓળખ કરવામાં આ હતી. તેમાંથી અંદાજે ૧૮ હજારનું તો કોઈ અસ્તીત્વ જ નહોતું. આ નકલી કંપનીઓ લગભગ ૪૫,૫૫૦ કરોડ રૂપિયાની કર ચોરીમાં સામેલ હતી. વિશેષ અભિયાન અંતર્ગત કંપનીઓ દ્વારા આશરે ૭૦ કરોડ રૂપિયાનો સ્વૈચ્છિક જીએસટી ચૂકવવામાં આવ્યો હતો.

CARE+ LABORATORY

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7

8005 70 8005

અમારી બીજી બ્રાન્ચ

અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફલોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ

+ CBC
+ RBS
+ HbA1c
+ Lipid Profile
+ SGPT & SGOT
+ Creatinine
+ Uric Acid
+ TSH
+ Vitamin B12

749/- કિંમત 2870/-

હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +

+ Vitamin D
+ Electrolytes (Na,Cl,K)
+ I.Calcium
+ Ferritin
+ T3 T4 TSH

1349/- કિંમત 5060/-

કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦










"Chiropratic"

ગરદન સંબંધિત માથાનો દુ:ખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઈજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.




"Tera- Herts"

ટેરાહર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઇબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શકિતને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રર્વતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓકિસજનેશનમાં વધારો કરે છે તેમજ રકત પ્રવાહમાં વધારા કરે છે.



"Kashya Therapy"

શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રકત પરિભ્રમણ સુધારે છે.



"Accupressure"

ચોકકસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એક્યુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનું સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાન લાગણી ઘટાડે છે. છેલ્લે, એક્યુપ્રેશર રકત પરિભ્રમણને સુધારી શકે છે.

KHUSHI WELNESS Ayurvedic-Herbal

Chiropratic & Bone Setting

યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)

સ્નાયુના દુ:ખાવા તથા સાંધાના દુ:ખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી

મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮

ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

Exiting Offers contact for more information

Trans Globe

Global Education Specialists

Australia, UK, Canada, New Zealand, USA, Singapore & Europe

Apply for Upcoming Intakes | 2 Days Free IELTS / PTE Demo Available

Expert Test Preparations :

IELTS / PTE / TOEFL

2 Years Post Study work visa Granted**

Saurashtra's Only Authorised, Direct & Preferred Education Consultancy

Directly dealing with Universities & Visa Office

Trans Globe, 214-216, Raijinagar Compex, Opp. Moti Palace Appartment, Junagadh.

M : 88663 28027, 94094 30348, 75673 51066

Email : riddhi@transglobe-edu.com | Website : www.transglobeedu.com

# લાભ પાચમ : જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં વેપાર, રોજગારનો પ્રારંભ





## દિપાવલી, નૂતન વર્ષના તહેવારોની ઉજવણી સંપન્ન : કામકાજ

જૂનાગઢ તા.૬

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને દેશભરમાં દિપાવલી, નૂતનવર્ષનાં તહેવારોની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી છે અને શાંતિમય ઉજવણી સંપન્ન થયા બાદ આજે લાભપાચમનાં દિવસથી વેપાર, રોજગાર શરૂ થતાં બજારો પુનઃ ધમધમતી થઈ છે.


દર વર્ષની જેમ આ વર્ષે પણ દિપાવલી અને નૂતનવર્ષ, ભાઈબીજનાં તહેવારોની જૂનાગઢવાસીઓએ ઉત્સાહભેર ઉજવણી કરી છે. દિપાવલીનાં પર્વ લક્ષ્મીજીની વિશેષ પૂજા, ચોપડા પૂજનનાં કાર્યક્રમો અને રાત્રીનાં ફટાકડાની આતશબાજી કરવામાં આવી હતી.

જયારે નૂતનવર્ષનાં પર્વે સ્નેહમીલનનાં કાર્યક્રમો સાથે લોકોએ પરસ્પરને શુભેચ્છાઓ પાઠવી અને નવા વર્ષની શુભ શરૂઆત કરી હતી. આ ઉપરાંત નૂતનવર્ષનાં દિવસે દેવ મંદિરોમાં અન્નકુટનાં કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ભાવિકોએ અન્નકુટ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

દિપાવલી, નૂતનવર્ષનાં પર્વની ઉજવણી અને તહેવારો દરમ્યાન વેપાર, ધંધા, રોજગારમાં રજાઓ પાળવામાં આવી હતી. 'મીની વેકેશન' પાડવામાં આવ્યું હતું. ભાઈબીજનાં પર્વની પણ લોકોએ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. તહેવારોની ઉજવણી કરાયા બાદ આજે લાભ પાચમનાં શુભ પર્વે વેપાર, ધંધા, રોજગારના શુભારંભ કરવામાં આવ્યો છે. અને વેપાર, ધંધા ધમધમતા થયા છે.

### તહેવારો દરમ્યાન

# જૂનાગઢ સહિત સોરઠમાં ફરવાલાયક સ્થળોએ પ્રવાસીઓનો ધસારો







જૂનાગઢ તા.૫

જૂનાગઢ સહિત સોરઠમાં તહેવારો દરમ્યાન ફરવાલાયક સ્થળોએ પ્રવાસીઓનો ભારે ધસારો રહ્યો છે.

દિપાવલી અને નૂતનવર્ષ, ભાઈબીજનાં તહેવારો દરમ્યાન રજાઓમાં સોરઠમાં ફરવા લાયક સ્થળોએ દુર દુરથી પ્રવાસીઓ ઉમટી પડયા હતા. જૂનાગઢ શહેરની વાત કરીએ તો બહારગામથી આવેલા પ્રવાસીઓ ખાસ કરીને ધાર્મિક સ્થળોએ દર્શનનો લાભ લીધા બાદ શહેરમાં આવેલા વિવિધ ફરવા લાયક સ્થળોની પણ મુલાકાત લીધી હતી.

ઉપરાંત સાસણ સફારી પાર્ક તેમજ વેરાવળના પ્રખ્યાત તીર્થ ક્ષેત્ર સોમનાથ મહાદેવની પણ મુલાકાત લીધી હતી. તહેવારો દરમ્યાન પ્રવાસી જનતા પોતાનાં પરિવાર સહિત રજાની મજા માણવા અને જૂનાગઢ અને સોરઠનાં વિવિધ સ્થળોની મુલાકાત લઈ પર્યટનનો પણ આનંદ માણ્યો હતો, ખાસ કરીને ઉપરકોટ, મહાબત મકબરા, સક્કરબાગ, સાસણ ગીર તેમજ જીલ્લામાં આવતા વિવિધ ધાર્મિક સ્થળોની પણ મુલાકાત લીધી હતી.

# સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ : તા.૨૭ નવેમ્બરે તાલુકા અને તા.૨૮ નવેમ્બરે જિલ્લા કક્ષા સ્વાગત કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ તા.૬

નાગરિકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જૂનાગઢ જિલ્લામાં તા.૨૮ નવેમ્બર, ૨૦૨૪ ગુરુવારના સવારે ૧૧ કલાકે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજાશે, જિલ્લા કલેક્ટર અને સંબંધિત ખાતાના અધિકારીઓ આ પ્રશ્નો સાંભળશે. તા.૨૭ નવેમ્બર, ૨૦૨૪ બુધવારના રોજ સવારે ૧૧ કલાકે દરેક તાલુકા મથકે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે, જેમાં સંબંધિત અધિકારીશ્રીઓ તાલુકા મથકે ઉપસ્થિત રહેશે. નાગરિકો તેમના પ્રશ્નો જે-તે ગામના તલાટીને દર મહિનાની ૧ થી ૧૦ તારીખ સુધીમાં તેમના પડતર પ્રશ્નો રજૂ કરી શકશે. જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પડતર પ્રશ્નો જૂનાગઢ જિલ્લા કલેક્ટર કચેરી અને તાલુકા તથા ગ્રામ કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પ્રશ્નો અરજદારોએ જે-તે તાલુકા મામલતદાર કચેરી અને ગ્રામ પંચાયત કચેરીને તા.૧૦ ઓગષ્ટ, ૨૦૨૪ સુધીમાં સીધા પણ રજૂ કરી શકશે. નાગરિકોએ જિલ્લા સ્વાગતમાં ઓનલાઈન અરજી અંગ્રેજી માસની તા.૧ થી તા.૧૦ તારીખ સુધીમાં કરવી. નાગરિકોએ પ્રશ્નો, રજૂઆતો, ફરિયાદો સાથે જરૂરી વિગતો અને પુરાવાઓ સાથે રજૂ કરવા. જે પ્રશ્ન, રજૂઆતનો નિકાલ તાલુકાકક્ષાએ થતો હોય તે અરજી તાલુકા કક્ષાના સ્વાગત કાર્યક્રમ માટે કરવી. તાલુકા કક્ષાએ જે અરજીઓનો નિકાલ ન થયો હોય તેવી અરજીઓનો જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં સમાવેશ થશે. એક જ સમયે અનેક વિષયોને લગતી રજૂઆત કરવી નહિ. અરજદારે HTTP://SWAGAT.GUJARAT.GOV.IN/CITIZEN_ENTRY_DSASPX?FRM=WS ઉપર ઓનલાઈન અરજી કરવી, તેમ જૂનાગઢ જિલ્લા નિવાસી અધિક કલેક્ટરએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ખડક ચઢાણ બેઝિક કોર્ષ કરેલ પર્વતારોહકો માટે ડુંગરાળ પરિભ્રમણ કાર્યક્રમમાં જોડાવાની ઉમદા તક

જૂનાગઢ તા.૬

કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજીત પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ સંચાલિત ડુંગરાળ વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમનું આયોજન તા.૩-૧૨-૨૦૨૪ થી ૧૨/૧૨/૨૦૨૪ સંપુર્ણ સરકારી ખર્ચે જૂનાગઢ ખાતે થનાર છે. જેમાં ૧૪ થી ૪૫ વર્ષના લોકો ૧૦ દિવસ રહેશે. આ અંગેનું નિયત ફોર્મ FaceBook Page : SVIM ADMINISTRATION ઉપરથી મેળવી શકાશે. નિયત અરજી ફોર્મ સાથે જન્મનો પુરાવો, નિવાસ અંગેનું આધાર કાર્ડ, બેઝિક કોર્ષ પ્રમાણપત્ર, મેડિકલ ફિટનેસ પ્રમાણપત્ર ,વાલીનું સંમતીપત્ર વગેરે માહિતી સાથે જોડવી અને તા.૧૫/૧૧/૨૦૨૪ સુધીમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વાતારોહણ તાલીમ કેન્દ્ર, લાખાકોઠા, ભવનાથ, જૂનાગઢ ખાતે રૂબરૂ અથવા પોસ્ટમાં મળી જાય તે રીતે મોકલી આપવાનું રહેશે. અરજી કરનારે ઓછામાં ઓછો બેઝિક કોર્ષ કરેલ હોય તેઓ એ જ અરજી કરવાની રહેશે. અધૂરી વિગતવાળા ફોર્મ ધ્યાને લેવામાં આવશે નહીં, કોચીંગ કોર્ષ કરેલને પસંદગીમાં અગ્રિમતા આપવામાં આવશે, વધુ માહિતી માટે કચેરીના સંપર્ક નં. ૦૨૮૫-૨૬૨૭૨૨૮ માં સંપર્ક કરવાનો રહેશે.


દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે


**ડો. રશ્મિ પી. બાલચંદાણી**
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
**ડો. શ્રેયસ જી. ભાલોડિયા**
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
**ધન્વંતરી** આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

**રોયલ ગેસ સ્ટવ**
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G.
ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા
દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં
વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
**રોયલ ગેસ સ્ટવ**
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
દિપાવલી તહેવારો માટે ખાસ... ગાયનું તાજુ ઘી આવી ગયું છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
**વિજય ઘી ડીપો**
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

**ધીરૂભાઈ જે. સોની**
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે"
**: સુભાષ :**
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે સ્પે. પંજાબી પફ મળશેઆઈસ કેકનાં
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# ૫૪મી જીએસટી કાઉન્સિલ મિટીંગની ભલામણો

વ્યાજ કે દંડ અથવા બન્ને માફ કરતી નવી કલમ 128A નો અમલ, ૧-૧૧-૨૦૨૪ થી તારીખ ૯ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ, કેન્દ્રીય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ ની અધ્યક્ષતામાં, ૫૪ મી જીએસટી કોઉન્સિલની મિટિંગ મળી. મિટિંગમાં ચર્ચા દરમ્યાન વેરા દરોમાં ફેરફાર, કરદાતાને વેપારમાં સુગમતા, કાયદાનું સુવ્યવસ્થિત પરિપાલન થાય, કેટલાક પગલાં અને કેટલીક ભલામણો કરવામાં આવેલ છે. કાયદાની કલમો અથવા નિયમોના અર્થઘટન આધરે, જીએસટી કરદાતાએ વેરો ચૂકવ્યો નથી, તેના પર ચુકવા પાત્ર વ્યાજ અને દંડ જેવા કારણો લીધે, જીએસટી કાયદાની કલમ ૭૩ અંતર્ગત જીએસટી વિભાગે, કરદાતાઓને ડિમાન્ડ નોટિસો આપેલ છે. વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ દરમ્યાન, કરદાતાએ વેરો ચૂકવેલ નથી, અથવા ઓછો ચૂકવેલ છે, ખોટી વેરા શાખ લીધી, અથવા ખોટી વાપરી, તેથી, કરદાતા સામે વેરા માંગ ની નોટિસો મળી, જેનાપર વ્યાજ કે દંડ અથવા બન્ને ચૂકવાનો થતો હોય, તેવી, માંગનો વિવાદના નિકાલ માટે, સી જીએસટી એક્ટમાં કલમ 128A ને ઉમેરવાયો છે. ફાયનાન્સ એક્ટ (૨) ૨૦૨૪ નો ભાગ અને CGST ૨૦૧૭ માં, ઉમેરેલ કલમ ૧૨૮ છ નો અમલ, ૧-૧૧-૨૦૨૪ થી અમલ શરૂ થશે. જીએસટી કાઉન્સિલે કલમ ૧૨૮ છ ની વિગતવાર પ્રક્રિયા માટે, સીજીસટી રૂલસ્ ૨૦૧૭ માં રૂલ નંબર ૧૬૪ ઉમેરવાની સાથે, કેટલાક ફોર્મ ઉમેરવાની ભલામણ કરેલ છે. કલમ ૧૨૮છ નો અમલ કરવાની પ્રક્રિયા પ્રોસિજર માપદંડો ની વિગતવાર માહિતી રૂલ ૧૬૪ માં આપેલ છે. મોકલાયેલ ડિમાન્ડ નોટિસો પર, જીએસટી કોઉન્સિલની દ્વારા નિર્ણય લેવાયો. જો, કરદાતા ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી વેરાની રકમ ચૂકવી દેશે, તો, વ્યાજ અને દંડને માફ કરવામાં આવશે. કલમ ૧૨૮ છ માટે એકમાં માત્ર અપવાદ, ખોટો રીફન્ડ મેળવેલ હશે તો, વ્યાજ, દંડ ચૂકવો પડશે.

જીએસટી કોઉન્સિલની ૩૫ મી મિટિંગમાં, ઈ-ઈનવોઇસ માટે દરખાસ્ત, મંજૂર કરવામાં આવી હતી. નોટિફિકેશન નંબર ૧૦/૨૦૨૩ ૧૦ સ્ટ્વઅ ૨૦૨૩, ૧-ઓગસ્ટ ૨૦૨૩ થી ઈ-ઈનવોઈસ ઈસ્યુ કરવા માટે, કુલ વાર્ષિક ટર્નઓવર ની મર્યાદા, ઘટાડીને ૫ કરોડ કરવામાં આવી છે. તેથી, વેપારીનું વાર્ષિક ટર્નઓવર, વર્ષ ૨૦૧૭-૧૮ થી શરૂ થતાં, કોઈપણ વર્ષમાં, કુલ ૫ કરોડથી વધુ હશે, તો, તેને, ૧ ઓગસ્ટ ૨૦૨૩, થી ઈ-ઈન્વોઈસ બનાવાનું ફરજિયાત છે. ઈલેકટ્રોનિક પ્રક્રિયા દ્વારા ઈ-ઈન્વોઈસને પ્રમાણિત કરવામાં આવે છે. જીએસટી પોર્ટલ પર, ઈન્વોઈસ બનાવામાં આવતું નથી, પણ, તૈયાર કરેલ ઈનવોઈસની વિગત, પોર્ટલ પર અપલોડ કરવાની છે. ⊬૨મ્ ઈન્વોઈસ ના યશ આધારે ૫૪ મી જીએસટી કાઉન્સિલ મિટિંગમાં, પ્રયોગ તરીકે ⊬૨ઞ ઈ-ઈનવોઈસ શરૂ કરવાનું નક્કી કરેલ છે. નોંધાએલ કરદાતા નહિ નોંધાયેલ કરદાતાને કરેલ સપ્લાય નો ઈ-ઈનવોઈસ બનાવી જીએસટી પોર્ટલ પર ઉપલોડ કરે. શરૂઆતમાં ઈ-ઈનવોઈસ સ્વૈછિક હશે અને મર્યાદીત રાજ્યો અને મર્યાદીત વ્યવહારો માટે પ્રયોગ શરૂ કરવાનું નક્કી કરેલ છે.

મેટલ સ્ક્રેપ (ધાતુનો ભંગાર) પર રિવર્સ ચાર્જ મેકેનિઝમ

જીએસટી કાયદાની કલમ ૯, ચાર્જિંગ સેકશન છે. જેમાં, ડાઈરેકટ ચાર્જ અથવા ફોરવર્ડ ચાર્જ અને રિવર્સ ચાર્જ આવા બે પ્રકાર છે. સામાન્યતા, સપ્લાય કરનાર, જીએસટી વેરો, સરકારને ચૂકવે છે, જેને, ફોરવર્ડ ચાર્જ કહેવાય છે. જીએસટી વેરો, સરકારને, ચૂકવાની જબાબદારી, સપ્લાય કરનારના બદલે, વસ્તુ કે સેવા મેળવનારની (રેસિપીયન્ટ) થાય, ત્યારે, એને, "વિપરીત વેરા પદ્ધતિ" (રિવર્સ ચાર્જ મેકેનિઝમ) કહેવાય છે.

જીએસટી કાઉન્સિલ ની ૫૪ મી મિટિંગની ભલામણ માં ધાતુના ભંગાર સપ્લાય માટે સપ્લાયર જીએસટી માં નોંધાયા સિવાયનો એટલે અનરજીસ્ટર હશે અને ખરીદનાર નોંધાયેલ હોય ત્યારે કાયદાની કલમ ૯(૪) અંતર્ગત જીએસટી વેરો ખરીદનારે રિવર્સ ચાર્જ મેકેનિઝમ સરકારમાં જમા કરવાનો રહેશે, સાથે જો સપ્લાયર જીએસટીમાં નોંધવા યોગ્ય ટર્નઓવર ધરાવતો થશે, તો, ભંગારનો સપ્લાય ⊬૨મ્ થશે ત્યારે, ખરીદનારે ૨% TDS કાપી સરકારમાં જમા કરવાનો રહેશે. ભંગારનો સપ્લાયર જીએસટીમાં નોંધવા યોગ્ય ટર્નઓવર ધરાવે છે કે કેમ તે રજીસ્ટરડ ખરીદનારને ખબર હોય શકે નહિ. તેથી RC,T હેઠળ વેરો સરકારને ચૂકવો અથવા ટીડીએસ કાપિલેવો તે મૂંઝવણ ભરેલી બાબત છે, તેની સ્પષ્ટતા આવશ્યક છે.

શૈક્ષિક સંસ્થાઓની સંલગ્નતા ફી પર જીએસટી વેરો :

૧. ૫૪ મી જીએસટી કાઉનસીલ મિટિંગમાં અફીલીએશન સેવાઓ પર કરેલી ભલામનો માં સેવાઓ સરકારી શાળાઓને સંલગ્નતા રાજ્ય અને કેન્દ્ર ના શૈક્ષિક બોર્ડસ, શૈક્ષિક કાઉન્સિલ અને અન્ય આવીજ સંસ્થાઓ દ્વારા અપાતી સેવાઓ ને જીએસટી વેરા માંથી મુક્ત રાખવામાં આવી છે. ભૂતકાળના સમયમાં ૧-૭-૨૦૧૭ થી ૧૭-૬-૨૧ દર્મ્યાનના સામે માટે નિયમિત કરવાંમા આવશે.

૨. એક પરિપત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવશે વિશ્વવિદ્યાલયો તેના કોલેજોને કે શૈક્ષિક સંસ્થાઓને આપતી એફીલીએશન સેવાઓને જીએસટી માંથી મુક્તિ આપેલ નથી. વિશ્વવિદ્યાલયો ની એફીલીએશન સેવાઓ પર ૧૮% જીએસટી વેરો વસૂલવામાં આવશે જે તારીખ ૨૮-૬-૨૦૧૭ ના જાહેરનામું નંબર ૧૨/2017 ITo માં જણાવેલ છે.

---

સબળ નેતૃત્વ થકી પરિવર્તન લાવનારા દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ આયોજનબધ્ધ વિકાસ કામોને સરકારમાં ત્વરિત મંજૂરી

# સાવરકુંડલાની જનતાને નૂતન વર્ષાભિનંદન પાઠવી રૂા.૧૨૨ કરોડના વિકાસના પ્રકલ્પોની ભેટ આપતા મુખ્યમંત્રી : નાવલી નદી ઉપર રિવરફ્રન્ટ બનાવવા રૂા.૨૫ કરોડની ગ્રાન્ટ ફાળવતી રાજ્ય સરકાર

## આ નૂતન વર્ષ વિકાસના નવતર સંકલ્પો સાકાર કરવાનું વર્ષ બની રહેશે : આપણે સૌ વિકસિત ભારત ૨૦૪૭ને અમૃતકાળ બનાવવાના વડાપ્રધાનના સંકલ્પમાં સહભાગી બનીએ : ધરતીપુત્ર સ્વ. ભગવાનબાપાની પ્રતિમાનું અનાવરણ કરવું એ મારા માટે ગૌરવની ક્ષણ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



(પ્રતિનિધિ દ્વારા)

અમરેલી તા.૬

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ઉપસ્થિતોને નૂતન વર્ષાભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અવિરત પ્રયાસના પરિણામે અયોધ્યામાં શ્રીરામ મંદિરનું નિર્માણ થયું જેના આપણે સૌ સાક્ષી બન્યા છીએ. આ નૂતન વર્ષ વિકાસના નવતર સંકલ્પો સાકાર કરવાનું વર્ષ બની રહેશે તેમ ઉમેરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, દીપાવલીના પર્વ નિમિત્તે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતને વાકબારસના પાવન તહેવારે રૂા.૪૮૦૦ કરોડના વિકાસ કાર્યોની ભેટ આપી છે, તો આજે સાવરકુંડલા વિસ્તારને રૂા.૧૨૨ કરોડના વિકાસ પ્રકલ્પોથી લાભાન્વિત કરવાનો મને અવસર મળ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વર્તમાન સરકારમાં કરોડોના વિકાસ કાર્યો થઈ રહ્યા છે તે સબળ નેતૃત્વનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ગણી શકાય. પહેલાના સમયમાં નગરપાલિકાનું આખા વર્ષનું બજેટ રૂા. ૫-૧૦ લાખનું હતું. આજે નગરપાલિકા દ્વારા રૂા. ૧૦૦ કરોડના કામોના વિકાસકાર્યોના લોકાર્પણ થઈ રહ્યા છે. સબળ નેતૃત્વ થકી પરિવર્તન લાવનારા દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ આયોજનબધ્ધ વિકાસ કામોને સરકારમાં ત્વરિત મંજૂરી મળી રહી છે, જેના પરિણામે વિકાસ વેગવંતો બન્યો છે. અમરેલી જિલ્લાના વિવિધ વિકાસ કામો ગુણવત્તાસભર રીતે પરિપૂર્ણ થાય તથા જિલ્લાના નાગરિકોને સુવિધામાં વધારો થાય તેવી મુખ્યમંત્રીએ શુભેચ્છા પાઠવી ઉમેર્યું હતું કે, અમરેલી જિલ્લા તથા સાવરકુંડલા શહેરની રોડ કનેક્ટિવિટી વધે તે માટે વિવિધ રસ્તાઓના કામો થકી નગરજનોને સુવિધાસભર પરિવહનની ભેટ મળી છે. આપણાં લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત વિકાસની દિશામાં હરણફાળ ભરી રહ્યું છે ત્યારે આજે વિકાસના ભેખધારી તથા ખેડૂતોના હિતેચ્છુ સ્વ. ભગવાન બાપાની પ્રતિમાનું અનાવરણ કરવાની તક મળી તે બદલ હું મને ભાગ્યશાળી સમજુ છું. આ પ્રતિમા આપણી નવી પેઢીને પ્રેરણા આપશે. વડાપ્રધાનના વિકાસના મંત્રને સ્વ. ભગવાન બાપાના વ્યક્તિત્વ સાથે સરખાવતાં મુખ્યમંત્રીએ જણાવ્યુ હતું કે, સ્વ. ભગવાન બાપા પણ "સૌનો સાથ સૌનો વિકાસ સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ" એવી વિચારસરણી ધરાવતાં હતા જેથી તેઓએ સમૂહ ખેતીનો ઉન્નત વિચાર અમલમાં મૂક્યો હતો. રાજ્યમાં રોડ રસ્તા, પીવાનું અને સિંચાઈનું પૂરતું પાણી, નિયમિત વીજળી, પાકની વાવણીથી પાકની લલણી સુધી તથા પાકના વેચાણ સુધી ખેડૂત લક્ષી યોજનાઓ રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકારે અમલમાં મૂકી છે જેના કારણે ખેડૂતો આર્થિક રીતે સદ્ધર બની રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, આપણા વડાપ્રધાનના વિકસિત ભારત ૨૦૪૭ને અમૃતકાળ બનાવવાનું આહવાન કર્યું છે ત્યારે આપણે સૌ નૂતન વર્ષમાં કટિબદ્ધ થઈએ અને વિકસિત ભારતના સંકલ્પમાં સહભાગી બનીએ. સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, નૂતન વર્ષે અમરેલી જિલ્લાને કરોડો રૂપિયાના વિકાસના કામોના પ્રોજેક્ટ સરકારે ભેટ આપ્યા છે. સાવરકુંડલાના વિકાસ માટે રૂપિયા ૧૨૨ કરોડના વિકાસ કામોની રાજ્ય સરકારે ભેટ આપી છે. આ સાથે ખેડૂતોના સાચા સેવક પૂર્વ ધારાસભ્ય સ્વ ભગવાનબાપાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ પ્રસંગે ઉપસ્થિત રહેવાનું મને સદભાગ્ય પ્રાપ્ત થયું છે. સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાએ વધુમાં જણાવ્યું કે, આવનારી પેઢી ભગવાનબાપા પાસેથી પ્રેરણા મેળવશે. સમૂહ ખેતીએ આજના સમયની જરૂરિયાત છે ત્યારે ભગવાન બાપાએ વર્ષો અગાઉ સમૂહ ખેતીને પ્રોત્સાહન આપ્યું હતું. અત્યારે ખેતીમાં સૌથી મોટી સમસ્યા ટૂંકી જમીન છે, દેશના મોટાભાગના ખેડૂતો નાની જમીનના માલિક હોવાથી ખેતીમાં પ્રયોગ કરી શકાતો નથી અને ખેડૂત ખેતીના તૈયાર પાકને વેચતા રોકી શકતા નથી, ખેતીપાકનુ ઉત્પાદન તુરંત વેચી દેવુ પડે છે. ભગવાન બાપા આર્ષદ્રષ્ટા હતા, સમૂહ ખેતીના તેમણે કરેલા ખેતી પ્રયોગો અને પ્રોત્સાહનએ આજની જરૂરિયાત છે. આ તકે સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાએ ઇઝરાયલની પ્રગતિમા ટેકનોલોજીની સાથે સાથે ત્યાં થતી સમૂહ ખેતી (કિબૂત્સ)ની વાત કરવાની સાથે પૂર્વ ધારાસભ્ય અને ધરતીપુત્ર સ્વ ભગવાન બાપાએ કરેલા સમૂહ ખેતીના પ્રયોગો એ ખેતીને લાભપ્રદ બનાવે છે તેમ જણાવી ખેડ હક કાયદો, ગણોત ધારા સહિત કાયદા તથા ગ્રીન રેવોલ્યુશનથી ખેડૂતોની આર્થિક સ્થિતિમાં સુધારો આવ્યો હતો અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ખેડૂત કલ્યાણકારી યોજનાઓથી ખેડૂતો સમૃદ્ધ થઈ રહ્યા છે તેમ ઉમેર્યુ હતું. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સ્વાગત પ્રવચનમાં પોતાના દાદા અને સમૂહ ખેતીના પ્રણેતા ધરતીપુત્ર સ્વ ભગવાન બાપાને યાદ કરીને કહ્યું હતું કે, ભગવાન બાપાના પ્રયાસોથી સૌરાષ્ટ્રનું પ્રથમ યાર્ડ સાવરકુંડલામાં બન્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાવરકુંડલા અને લીલીયાના વિકાસ માટે બે વર્ષમા રૂ.૧૬૦૦ કરોડની માતબર રકમ ફાળવી છે. રોડ રસ્તાના કામ માટે રૂા.૧૭૧ કરોડ ફાળવ્યા જેમા ૧૨૦ રોડ પૈકી ૭૪ રોડના કામ ટૂંક સમયમાં શરૂ કરાશે. ઉપરાંત રાજ્ય સરકારે નાવલી નદી ઉપર રિવરફ્રન્ટ બનાવવા માટે રૂા.૨૫ કરોડ મંજૂર કર્યા છે. આ રિવરફ્રન્ટ બનવાથી નાવલી નદી પુનર્જીવિત થવાની સાથે શહેરની શોભામાં પણ વધારો થશે. ઈફ્કોના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યુ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના વિવિધ વિકાસ કાર્યોના અભિયાનને વેગ મળ્યો છે. સહકારિતાના માધ્યમથી ગ્રામ્ય વિસ્તારના સમૃદ્ધિના દ્વાર ખુલશે. ભગવાન બાપાએ નવયુવાનોને આપેલા પ્રોત્સાહનનાસંસ્મરણો વાગોળ્યા હતા. આ તકે લોક સાહિત્યકાર માયાભાઈ આહીરે જણાવ્યું હતું કે, પૂર્વ ધારાસભ્ય સ્વ ભગવાનબાપાએ પોતાના માટે નહીં પણ છેવાડાના માનવી માટે હંમેશા કામ કર્યું હતું. માયાભાઈએ આ તકે ભગતબાપુ તેમજ કાગ બાપુને યાદ કર્યા હતા. આ તકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાવરકુંડલા એપીએમસી ખાતે આજીવન ખેડૂતોની સેવાને વરેલા અને સમૂહ ખેતીના પ્રણેતા પૂર્વ ધારાસભ્ય સ્વ. ભગવાનબાપાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું. પૂર્વ ધારાસભ્ય અને ધરતી પુત્ર સ્વ. ભગવાનબાપાએ આજીવન ખેડૂતની સેવા કરીને ખેડૂતોના દિલમાં સાચા સેવકનું બહુમાન મેળવ્યું હતું. ભગવાનબાપા વર્તમાન ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના દાદા છે. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં સાવરકુંડલા ખાતે રૂા.૧૨૨ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ સંપન્ન થયું હતું. મુખ્યમંત્રીએ સાવરકુંડલા મુકામે સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારના રૂા.૧૦૩ કરોડના વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને માર્ગ અને મકાન વિભાગ પંચાયતના ૪.૯૦ કરોડ રૂપિયાના લોકાર્પણ અને ૧૩.૪૭ કરોડના ખાત મુહૂર્ત કર્યા હતા. અમરેલી ખાતે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પધારતા આ તકે પ્રદેશ ભાજપ ડીબેટ પ્રવક્તા શૈલેષ પરમાર દ્વારા તેમનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવેલ હતું.

---

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા ૯મી નવેમ્બર "જૂનાગઢ ના મુકિત દીન"ની ઉજવણી થશે

## બહાઉદીન કોલેજ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય આતિશબાજી કાર્યક્રમનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

આરઝી હકુમતદિન (જૂનાગઢ મુકિત દિન)ની ઉજવણીના ભાગ રૂપે મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા તા.૯-૧૧-૨૦૨૪ના રોજ બહાઉદ્દીન કોલેજ ગ્રાઉન્ડ, જૂનાગઢ ખાતે સવારે ૯:૩૦ કલાકે વિજય સ્તંભનુ પૂજન વિધી કાર્યક્રમ ઉપસ્થિત મહાનુભવોની હાજરીમાં રાખવામાં આવેલ છે તેમજ સાંજે ૭:૦૦ કલાકે બહાઉદીન કોલેજ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય આતિશબાજી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સૌ શહેરીજનોને પધારવા મહાનગર પાલિકા, જૂનાગઢ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવે છે.

---

# જૂનાગઢ જિલ્લામાં વિદેશી નાગરીકો, વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓની ઓનલાઈન નોંધણી કરવી ફરજિયાત

## આઈ.વી.એફ.આર.ટી પ્રોજેક્ટ હેઠળ હોટેલ, ગેસ્ટ હાઉસ, અતિથી ગૃહ સહિત યાત્રાળુ માટે રહેવાની સુવિધા ધરાવતા નિવાસોના સંચાલક-માલિકે વિદેશી નાગરિકોની ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે

જૂનાગઢ તા.૬

હોટેલ, ગેસ્ટહાઉસ, ધાબા, આશ્રમો, મંદિરો, મસ્જિદ, અતિથીગૃહ, વિશ્રામગૃહ, સમાજની વાડીઓ, લોજ, બોર્ડિંગ, ધર્મશાળા, મુસાફરખાના, યાત્રાળુંઓ માટે રહેવાની સુવિધા ધરાવતા યાત્રાળુ નિવાસો, ફાર્મહાઉસ, તથા રિસોર્ટ, પી.જી. સ્કુલો-કોલેજો, યુનિવર્સિટી અને હોસ્પિટલોમાં વિદેશી નાગરીકો જુદા-જુદા કારણસર આવી આ સ્થળોએ થોડો સમય રોકાણ કરી પરત જતા રહેતા હોઈ છે. તેઓએ ક્યાં ક્યાં સ્થળે જઈ ક્યાં રોકાણ કરેલ છે તેમજ તેમની મુલાકાતનુ સાચુ કારણ જાણી શકાય તેવી સચોટ તેમજ અસરકારક વ્યવસ્થા હાલમાં ઉપલબ્ધ નથી. વધુમાં આ તમામ સ્થળોએ તેઓની વિગત લાંબા સમય સુધી રાખવામાં આવતી નથી. સમાન પ્રકારે વિદેશી નાગરીકો આવા સ્થળોએ રોકાણ કરી જિલ્લા- રાજ્યની હોસ્પિટલોમાં તબીબી સારવાર લેતા હોઈ છે. તેમજ જુદી-જુદી કોલેજો અને યુનિવર્સિટીમાં પણ વિદેશી વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી અભ્યાસ કરતા હોઈ છે. આ બાબતનો લાભ કોઈ પણ આતંકવાદી કે રાષ્ટ્રદ્રોહી પ્રવૃતિમાં સંકળાયેલ તત્વો લઈ શકે તેમ છે. આતંકવાદી કે રાષ્ટ્રવિરોધી તત્વો દેશમા સંવેદનશીલ જગ્યાઓનો સર્વે કરી માહિતી લઈ દેશવિરોધી પ્રવૃતીઓમાં ઉપયોગ કરી શકે તેવી શક્યતા નકારી શકાય નહી. જેથી વિદેશી નાગરીકો ક્યાં કારણથી ભારત આવી ક્યાં ક્યાં સ્થળોએ મુલાકાત લીધેલ, રોકાણની વિગતો, ક્યાથી પરત ગયા, મુલાકાતનું સાચુ કારણ વગેરે વિગતો મેળવી શકાય તેમજ ગતીવિધી ઉપર નજર રાખી શકાય તે માટે ભારત સરકાસ દ્વારા આઈ.વી.એફ.આર.ટી.''(ઈમિગ્રેશન, વિઝા અને ફોરેનર્સ રજીસ્ટ્રેશન તથા ટ્રેકિંદ) પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટને દરેક દેશની એસમ્બલીઓ સાથે જોડી વિદેશી નાદરીકોની તમામ કાર્યવાહી સરકારશ્રી દ્વારા ઓનલાઈન કાર્યરત કરવામાં આવેલ છે. જેથી ઉક્ત સ્થળો ઉપર અમુક નિયંત્રણો મુકવા જરૂરી હોવાથી જૂનાગઢ જિલ્લા વિસ્તારમાં ઉપરોક્ત સ્થળોએ વિદેશી નાગરીકો, વિદ્યાર્થીઓ કે, મુલાકાતી આવે ત્યારે આ પ્રોજેક્ટ હેઠળ ઓનલાઈન જોઈ શકાય તે માટે www.indianfrro.gov.in/frro વેબસાઈટ ઉપર જરૂરી નોંધણી કરવા તથા આનુસંગિક સૂચનાઓની અમલવારી માટે અધિક નિવાસી કલેકટર એન.એફ.ચૌધરીએ જાહેરનામુ બહાર પાડ્યું છે. જાહેરનામા મુજબ આઈ.વી.એફ.આર.ટી. "(ઈમીગ્રેશન, વિઝા અને ફોરેનર્સ રજીસ્ટ્રેશન તથા ટ્રેકીંગ) પ્રોજેક્ટ હેઠળ હોટેલ, ગેસ્ટ હાઉસ, ધાબા, આશ્રમો, મંદિરો, મસ્જિદ, અતિથી ગૃહ, વિશ્રામ ગૃહ, સમાજની વાડીઓ, લોજ, બોર્ડિંગ, ધર્મશાળાઓ, મુસાફરખાનાઓ, યાત્રાળુ માટે રહેવાની સુવિધા ધરાવતા નિવાસો, ફાર્મ હાઉસ તથા રિસોર્ટ, પીજી સ્કુલો-કોલેજો, યુનિવર્સિટી અને હોસ્પિટલોના સંચાલક/ માલિક પ્રથમ www.indianfrro.gov.in/frro વેબસાઈટ ઉપર રજીસ્ટર થયા તેનો યુજર આઈડી પાસવર્ડ જે તે સંસ્થા/માલિક તેમની પાસે રેકર્ડમાં રાખવાનું રહેશે તથા તેઓ રજીસ્ટર થયા તે અંગેની જાણકારી એસ.ઓ.જી. ઓફિસ, ઝાંઝરડા રોડ ખાતે મોકલી આપનાની રહેશે. જ્યારે જ્યારે વિદેશી નાગરીકો ઉક્ત સ્થળોએ આવે ત્યારે સંબંધિત સંસ્થા/સંચાલક દ્વારા www.indianfrro.gov.in/ Form C વાબસાઈટ ઉપર જે તે સંસ્થા માલિક દ્વારા તેમની સંસ્થાને અગાઉ રજીસ્ટર કરવામાં આવેલ છે. તે યુજર આઈડી અને પાસવર્ડથી લોગઓન થઈ ફોર્મ-સી માં જે તે વિદેશી નાગરીકની તમામ સાચી વિગતો ભરી, ફોટો તેમજ અન્ય દસ્તાવેજ અપલોડ કરી માહિતી સેવ કરી તેની પ્રિંટઆઉટ કઢાવી અને તેમાં જરૂરી જે તે સંસ્થા/માલિકના સહી સિક્કા કરી જે તે રેકર્ડમાં એક નકલ રાખવી અને ઓ.સી.જી. કચેરી, ઝાઝરડા રોડ જૂનાગઢ ખાતે માકલી આપવાની રહેશે. જૂનાગઢ જિલ્લામાં આવેલ તમામ સ્કૂલો/ કોલેજો, યુનિવર્સિટીઓમાં જ્યારે વિદેશી વિદ્યાર્થીઓ કે ફેકલ્ટી આવે ત્યારે સંબંધીત સંસ્થા/ સંચાલકો દ્વારા www.indianfrro.gov.in/frro/Form A વેબસાઈટ ઉપર જે તે સંસ્થા/માલિક દ્વારા તેમની સંસ્થાને અગાઉ રજીસ્ટર કરવામાં આવેલ છે. તે યુજરઆઈડી અને પાસવર્ડથી લોગઓન થઈ ફોર્મ-એ માં જે તે વિદેશી વિદ્યાર્થીઓની તમામ સાચી વિગતો ભરી, ફોટો તેમજ અન્ય દસ્તાવેજ અપલોડ કરી, માહિતી સેવ કરી તેની પ્રિંટઆઉટ કઢાવી અને તેમાં જરૂરી જે તે સંસ્થા માલિકના સહિ સિક્કા કરી, જે તે સંસ્થાને રેકર્ડમાં એક નકલ રાખવી અને એક નકલ ઓ.સી.જી. કચેરા ઝાંઝરડા રોડ જૂનાગઢ ખાતે મોકલી આપવાની રહેશે. અજાણ્યા વિદેશી વિજીટર્સનું બુકિંગ કરાવનાર વ્યક્તિ, કંપની, સંસ્થા કે વેપારી પેઢી વગેરેના પુરા નામ સરનામાં ટેલિફોન નંબર સહીતના નક્કર અધિકૃત પુરાવા મેળવવાના રહેશે. વિદેશી મુસાફરો જે વાહનમાં આવેલ હોય તે વાહનનો પ્રકાર-મેન્યુફેકચર કંપનીનુ નામ, ટુ વ્હિલ- ફોર વ્હિલ રજીસ્ટર નંબરની નોંધ મેન્યુઅલ ગેસ્ટ રજીસ્ટરમા નોંધવાના રહેશે. હોટલમાં આવનાર વિદેશી મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલિક એસ.ઓ.જી. શાખાના ટેલિફોન નં. ૦૨૮૫-૨૬૩૫૧૦૧ તથા મો.૭૫૭૫૦૬૧૧૦૧ અથવા સ્થાનિક પોલીસ અથવા તો પોલીસ કન્ટ્રોલ રૂમ, જૂનાગઢના ટેલિફોન નં.૦૨૮૫-૨૬૩૦૬૦૩ તથા મો.૯૫૧૨૨૧૧૧૦૦ પર જાણ કરવાની રહેશે. આ જાહેરનામુ તાત્કાલિક અસરથી તા.૩૧-૧૨-૨૦૨૪ સુધી અમલમાં રહેશે અને તેનો ભંગ કરનાર સામે મ્હ્રજી, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

---

# જૂનાગઢ જિલ્લામાં રીમોટ સંચાલીત ડ્રોન, એરીયલ મીસાઈલ કે પેરાગ્લાઈડર ચલાવવા ઉપર મનાઈ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ

જૂનાગઢ તા.૬

જૂનાગઢ જિલ્લાના ૧૨૦ ક્રિટીકલ/સ્ટ્રેટઝીકલ ઈન્સ્ટોલેશન સ્થળો ખાતે ઉપલી સત્તા તરફથી અન્ય કોઈ ફેરફાર ન થાય ત્યાં સુધી આ સ્થળો તથા તેની આજુબાજુના યાદીમાં જણાવ્યાનુસારના વિસ્તારમાં રિમોટથી ચાલાવાતા ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરાતા એરીયલ મીસાઈલ કે પારાગ્લાઈડ રીમોટ કંટ્રોલ, માઈક્રો લાઈટ એર ક્રાફટ ચલાવવાની મનાઈ ફરમાવવામાં આવી છે. ત્યારે જૂનાગઢ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.એફ.ચૌધરીને મળેલી સત્તાની રૂએ રેડ ઝોનમાં રીમોટથી ચાલતા એરક્રાફટ સીસ્ટમ કે ડ્રોન ઉડાડી શકાશે નહિ, તથા યલો ઝોનમાં એરક્રાફટ સીસ્ટમ કે ડ્રોન ઉડાડવા માટે ડીઝીસ્કાય એપ ઉપરથી મંજુરી મળી શકશે. તે માટે ડીઝીસ્કાય એપ ઉપર અરજી કરવાની રહેશે અને ગ્રીન ઝોનમાં ડીઝીસ્કાય ઉપરથી મંજુરીની રાહ જોયા સિવાય ગ્રીન ઝોનમાં રીમોટથી ચાલતા એરક્રાફટ સીસ્ટમ કે ડ્રોન ઉડાડી શકાશે (રેડ તથા યલો ઝોન સિવાયના વિસ્તારો ગ્રીન ઝોન ગણાશે.) આ હુકમ તાત્કાલિક અસરથી ૨૭/૧૨/૨૦૨૪સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

---

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સંસારમાં એવા કાર્યો કરવા જોઈએ જેથી દરેકને સુખ, શાંતિ અને પ્રસન્નતા મળે.

- ઋગ્વેદ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.ખોરદાદ-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક સુદ-૫ લાભ પાંચમ, જ્ઞાનપંચમી, પાંડવ પંચમી તા.૬ નવેમ્બર ૨૦૨૪, બુધવાર, પારસી તા.૨૪, મુસ્લિમ તા.૩, મૂળ નક્ષત્ર, સુકર્મા યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૦૦, સૂ.અ.૬:૦૯ આજનો દિવસ અશુભ છે.


આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય. મિલન-મુલાકાત સફળ થાય.
વૃષભ:સ્વભાવમાં ઉગ્રતા રહે. આકસ્મિક મુસાફરી થાય.
મિથુન:નવિન કાર્યમાં સફળતા મળે. વિરોધીવર્ગને પીછેહટ કરવી પડે.
કર્ક: લાભની આશા ઠગારી નીવડે. ગુપ્ત ચિંતા સતાવે.
સિંહ: પડવા-વાગવાથી સંભાળવું. વાણી સંયમ જાળવવો હિતાવહ.
કન્યા: વ્યર્થ ખર્ચપર કાબુ રાખવો. હરિફ વર્ગથી સંભાળવું.
તુલા: આકસ્મિક ધન લાભ થાય. યાત્રા-પ્રવાસમાં સફળતા મળે.
વૃશ્ચિક:વાહન-જમીનથી લાભ થાય. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.
ધન: માનસિક પ્રસન્નતામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.
મકર: સંતાનવર્ગથી લાભ મળે. વ્યવસાયિક કાર્યમાં પ્રગતિ થાય.
કુંભ: ધીરજ રાખવી હિતાવહ. જૂના વાદ-વિવાદનો અંત આવે.
મીન: મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડી રહે.

# વિક્રમ સંવત ૨૦૮૧નું રાશિવાર ભવિષ્ય


જયોતિષી
દિનેશકુમાર અનંતરાય ભટ્ટ

### મેષ રાશિ : (અ.લ.ઈ.)

વિક્રમ સવંત ૨૦૮૧ના પ્રારંભમાં ગુરૂદેવ બીજા ભવનમાં ભ્રમણ કરે છે. વર્ષની શરૂઆતમાં રાહુદેવ બારમે રહેનાર છે. તેમજ શનિદેવ લાભ ભુવનમાં રહેનાર છે. વર્ષનાં પ્રારંભમાં તા. ૨૯-૩-૨૦૨૫થી શનિદેવ મીન રાશીમાં પ્રવેશ કરશે. ત્યારથી સાડાસાત પનોતીનો પ્રથમ તબકકો લોઢાના પાયે માથા પરથી પસાર થાય છે. જે આંતરીક માનસીક શારીરીક તકલીફો કરાવે. વર્ષની શરૂઆતમાં મંગવળદેવ ચોથા ભવનમાં રહેનાર છે. બુધ તેમજ શુક્ર આઠમાં ભવનમાં છે. તેથી માનસીક અશાંતિ અજંપો કરાવે. તકલીફના સમયે શનિવાર કરવા તેમજ બારમાં રાહુને કારણે બુધવારે ખીચડીનું દાન કરવું તેમજ ગણપતિની ઉપાસના કરવી.

માનસિક પરિસ્થિતિ :-

વર્ષના ગ્રહયોગ જોતા તમતી માનસીક પરિસ્થિતિ ડામાડોળ રહેશે. વર્ષમાં અશાંતિનાં અનુભવ થશે. અમુક સમયમાં નકારાત્મક વિચારો પણ આવશે. પરંતુ તમારે આધ્યાત્મીકનું વાંચન કરવાથી તમારી માનસિક સ્થિતિ વધુ સારા બનશે. કોઈપણ મહત્વનો નિર્ણય સોવાર સમજી વિચારીને કરજો નહીતર બાદમાં પસ્તાવાનો વારો આવશે. ઈશ્વર પર વધુ શ્રધ્ધા રાખજો. અહી તમારી લાગણીઓને ઠેસ ન પહોંચે તેનું ખાસ ધ્યાન રાખવું. અહી તમને કોઈપણ પ્રતિકુળ પરિસ્થિતિ જણાય તો તેની તક ઝડપી લેજો. ધીરજ અને શાંતિથી તમારી માનસીક સ્થિતિ સુધરતી જોવા મળશે. કોઈના પર ભરોસો ન કરવાની સલાહ છે. તમારો સમય પ્રવૃતિમાં બનાવવા ભગવાનનું નામ જાણ કરો. વર્ષમાં માનસીક સ્થિતિ ડામાડોળ રહેશે. દરેક વાતનું નિરાકરણ કરશો તો તેમાં સફળતા મળશે. પણ થોડી ઘણી વાર લાગશે. એકંદરે વર્ષ ઠીક છે.

નાણાકીય સ્થિતિ :-

વર્ષના ગ્રહયોગ જોતાં તમારી નાણાંકીય સ્થિતિ એકંદરે મિક્ષ જોવા મળશે. અહી તમારે આળસ ન કરવાની સલાહ છે. મહેનત વધારશો તો અમુક લાભ મળશે. તમારા આર્થિક પ્રશ્નો પણ ઉકેલ આવતો જોવા મળશે. પરંતુ તમારી મહેનત રંગ લાવવી જોઈએ. કોઈને લેવડ દેવડ કરવામાં સોવાર વિચાર કરજો. અહી તમારી નાણાકીય સ્થિતિને વધુ મજબુત બનાવવા તમારે તમારા પ્રયત્નો ચાલુ રાખવા. કોઈના વિશ્વાસે વહાણ ન હાંકવાની સલાહ છે. બીનજરૂરી ખટા ખર્ચા ન કરતા. આવક અને જાવક બંને સરખા રહેશે. ઉતાળવળીયો નિર્ણય ન કરતા નહીતર તમારા નાણામાં તમે જ ફસાયેલા રહેશો. અમુક સમયમાં તમારે તમારી પુરેપુરી શકિતીથી નાણા કમાવી લેશો. એકંદરે વર્ષ ઠીક ગણાય છે.

નોકરી અને ધંધાકીય બાબતો :-

વર્ષના ગ્રહયોગ જોતા તમારા નોકરી ધંધામાં મહેનતતો વધારવી જ પડશે. તમારી પરિસ્થિતિને અનુકુળ બનાવીને રહેજો. તમારી પ્રગતિનો વિકાસ કરવા માટે તમારે દિવસ અને રાત એક કરવા પડશે. અમુક સારી તક મળે તો તમે ઝડપી લેજો. અહીં જે પ્રગતિનો વિકાસ મળશે તે તેટલો સરળ માર્ગ નહી હોય. તમારે તેના માઠે મહેનત કરવી પડશે. તમારા મનને મકકમ કરીને રાખજો. તમારૂ લક્ષ મેળવવા માટે તમારે કોઈની પણ ભરોસો ન કરવા સલાહ છે.

જયારે ધંધાકીય બાબત માટે વર્ષ એકંદરે કઠીન છે. અમુક સમયમાં નાની મોટી તકલીફો આવશે. પણ તેમાંથી તમારે પાર થવાનું છે. અહીં તમારે દેવું ન થાય તેનું ખાસ ધ્યાન રાખજો. જુની ઉઘરાણી લેણા ઉપર ધ્યાન આપશો. તો તે અચુક આવી જશે અને તમે બહાર આવી શકશો. અહીં નવા ધંધાકીય સાહસ ન કરવાની સલાહ છે. લાંબા સમયથી અટકેલા વ્યવસાયિક પ્રશ્નો પણ ઉકેલાઈ જશે. પરંતુ તેમાં થોડી ધીરજ રાખવી જરૂરી ગણાય છે. દેવું વધી ન જાય તેનું ખાસ ધ્યાન રાખજો. તમારી મહેનત રંગ લાવશે. એકંદરે વર્ષ ઠીક જણાય છે.

જમીન મકાન અને સંપતિ :-

વર્ષના ગ્રહયોગ જોતા આપની સંપતિના પ્રશ્નોનો ઉકેલ આવતા વધુ વાર લાગશે. લાંબા સમયથી ફસાયેલી સંપતિ અને મિલ્કતોનો હલ કરવા માટે તમારે મહેનત કરવી પડશે. બાપદાદાની વારસાની સંપતિમાં વર્ષના અંતમાં ઉકેલ આવતો જોવા મળશે. અહીં તમારે ત્યાગ તેમજ બલિદાન પણ આપવું પડશે. અહીં તમારે ઘણું જતું કરવાની ભાવના રાખવી પડશે. તમારે ભાડાના મકાન હશે તો તમારે તેમાં ભાડું પણ વધારે ભરવું પડશે. અહીં તમારે નાની કે મોટી તકલીફોમાંથી પણ પસાર થવું પડશે. મકાન લેં વેંચના કામમાં પણ ઉકેલ જોવા નહિ મળે. એકંદરે વર્ષ ઠીક છે.

લગ્ન અને દાંમ્પત્ય જીવન :-

વર્ષના ગ્રહયોગ જોતા અવિવાહિત વ્યકિત માટે તમારે છુટકારો મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે. અમુક સમયમાં તમારે બાંધછોડની ગતિ કરવી પડશે. લગ્નના ઈરાદા માટે થોડીઘણી રાહ જોવી પડશે.

જયારે દાંમ્પત્ય જીવનમાં પતિ પત્નીને ઝઘડો ન કરવાની સલાહ છે. શંકા કે કુશંકાથી દુર રહેવું એકબીજાનો સાથ સહકાર આપવો. જીવનસાથીનું આરોગ્ય ન બગડે તેનું ખાસ ધ્યાન રાખજો નહીં તો તેનું પરિણામ માઠું ભોગવવું પડશે.

સંતાનો અને અભ્યાસ :-

વર્ષના ગ્રહયોગ જોતા આપના સંતાનોની વર્ષ એકંદરે સારૂ જોવા મળશે. અહીં તમે સંતાનોનો સાથ પણ મેળવી શકશો. તેમને લગતા અગત્યના કામકાજો વર્ષના અંતમાં પાર પડશે. સંતાનોના આરોગ્યનું ધ્યાન રાખજો.

જયારે વિદ્યાર્થી વર્ગ માટે તમારી મહેનતના પ્રમાણમાં ફળ નહી મળે તેથી તમારે વધુ મહેનત કરવી પડશે. આ સમયમાં વધુ મહેનત તમોને વાંધો પણ નહીં આવે.

શત્રુ-કોર્ટ અને કચેરી :-

વર્ષના ગ્રહયોગ જોતા આપના શત્રુ હરીફોમાં તમારે થોડું વધુ ધ્યાન આપવું પડશે. અહીં આપના વિરોધીઓ ઘણા બધા પ્રયત્ન કરશે તો તમારે તેમાંથી બહાર નીકળવાનો માર્ગ કાઢી લેવાનો છે. જયારે સરકારી તેમજ કોર્ટ કચેરીના પ્રયત્નોના ઉકેલ માટે ધીરજ રાખવી પડશે. તમારે નિડર થવાની જરૂર છે. મહેનત કડી રંગ લાવશે.

આરોગ્ય અને પ્રવાસ :-

વર્ષના ગ્રહયોગ જોતા આપનું આરોગ્ય નરમ ગરમ રહે. પરંતુ તમારે તેમાં ચિંતાનું કોઈ કારણ જણાતું નથી. આપની શારીરીક હાલન નબળી પડતા થોડી ઘણી ચિંતા રહેશે. પરંતુ દવા ઈલાજથી સારૂ રહેશે.

વર્ષમાં પ્રવાસ માટે આપને એકાદ બે સારા પ્રવાસનું આયોજન કરી શકશો પણ તેમાં વિઘ્ન ન આવે તેનું ખાસ ધ્યાન રાખજો. થોડી ઘણી તિર્થ યાત્રા પણ થઈ શકે. એકંદરે વર્ષ ઠીક જણાય છે.

### વૃષભ રાશિઃ- (બ.વ.ઉ)

વિક્રમ સવંત ૨૦૮૧ના પ્રારંભમાં નાની કોઈ મોટી પનોતી નથી. તમારી રાશિમાં ગુરૂદેવ રહેનાર છે. તેમજ રાહુદેવ અગિયારમાં ભુવનમાં રહેનાર છે. તેમજ બુધ શુક્ર સાતમાં ભુવનમાં રહેનાર છે. તેમજ મંગળ દેવ વર્ષની શરૂઆતમાં પાંચમાં ભુવનમાં રહેનાર છે. તેથી વર્ષના પ્રારંભથી તમારી માનસિક પરિસ્થિતિ સારી રહે. અગાઉની થયેલ સમસ્યાનું નિરાકરણ કરાવે. નવું વર્ષ રાહતરૂપ છે જયારે તકલીફો કરાવે ત્યારે દેવી ઉપાસના કરવી. આધ્યાત્મિક વાંચન કરવું. એકંદરે નવું વર્ષ તમારા માટે રાહતરૂપ છે. તા.૨૯/૩/૨૦૨૫ પછી શનિદેવ મીન રાશિમાં પ્રવેશ કરશે. પરંતુ તમને કોઈ તકલીફ નહી પડે.

માનસિક પરિસ્થિતિ :-

વર્ષના ગ્રહયોગ જોતા તમારી માનસિક પરિસ્થિતિ એકંદરે સારી રહેશે. અત્યાર સુધી તમે જે અશાંતિનો અનુભવ કર્યો હશે તેમાંથી પણ તમને રાહત મળશે. મનની અંદર જે વિચારોની આપ-લે ચાલતી હતી તે હવે રાહતરૂપ જણાશે. જેમ જેમ સમય બદલાશે તેમ તમે બદલાતા જશો તો કોઈ વાંધો નહી. આવે. આપની આસપાસના વાતાવરણમાં હશો તેમાંથી પણ શાંતી થશે. તમારે અહીં આધ્યાત્મિક વાંચન કરવું જરૂરી ગણાય છે. વર્ષમાં મહત્વના કાર્યમાં તમારે મહેનત વધારવી પડશે. તમારા મનમાં રાહત થતા તમારે ભગવાન ઉપર શ્રધ્ધા રાખવી. કયારેક તડકો તો કયારેક છાંયો પણ જોવા મળશે. કયારેક સુખની લહેર પણ આવશે. દુઃખનો અહીં અંત થવાનો છે. એકંદરે વર્ષ સારૂ જણાશે. અગાઉની માનસિક પરિસ્થિતિમાં પણ તમને રાહતરૂપ ગણાય છે.

નાણાકીય સ્થિતિ :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં આપની નાણાકીય સ્થિતિ ધીમે ધીમે સુધરતી જોવા મળશે. અત્યાર સુધી જે સગવડો અને મુંઝવણો ભોગવી હશે તેમાંથી તમને બહાર નીકળવાનો રસ્તો મળી રહેશે. અહીં વર્ષમાં નાની નાની તકો મળે તેમાંથી તમારે તમારી આવક વધારવાનાં પ્રયત્નો કરશો તો જરૂરથી લાભ મળશે. અહીં જેટલું કાર્ય વધુ કરશો તેટલું વધુ પામી શકશો. આ વર્ષમાં અણધાર્યા કેટલાક ખર્ચનાં પણ પ્રસંગ આવશે. તમારી આવક વૃધ્ધિ માટે તમારે વધારાની પણ મહેનત કરવી પડશે. શેર સટ્ટામાં ન પડવાની સલાહ છે. કોઈને પૈસા ઉધાર ન આપવાની સલાહ છે. અહી તમારે કોઈપણ આંધળો વિશ્વાસ ન કરવો નહીતર પસ્તાવવાનો વારો આવશે. જે તક મળે તે તરત જ ઝડપી લેજો. એકંદરે વર્ષ સારૂ છે.

નોકરી અને ધંધીય બાબતો :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં આપની નોકરીમાં જોઈએ તેટલી સફળતા નહી મળે. નોકરીયાત વર્ષને આ સમયમાં ઉરી વર્ગ તરફથી જોઈએ તેટલો સાથ સહકાર નહી મળે. બઢતી બદલી માટે હજી તમારે રાહ જોવી પડશે. તમે મહેનત કરતો તો ફળ બીજા લઈ જશે એવું તમને લાગ્યા કરશે. નોકરી માટે વધુ મહેનત કરવી પડશે.

જયારે ધંધા માટે વેપારી વર્ગ માટે વધુ મહેનત માગી લેશે. તમારી જવાબદારીઓનો ભાર પણ વધતો જોવા મળશે. તમે વ્યવસ્થિત રીતે આયોજક કરીને ચાલશો તો તમારી મહેનતનું ફળ અવશ્ય મળશે. કોઈના માટે વધુ પડતો આત્મવિશ્વાસ ન કરવો. અત્યારે જે છે તેમાં સ્વીકારી લેજો. ધંધા માટે સાહસ ન કરવું નવા ધંધા માટે રાહ જોવી પડશે. વેપાર ધંધામાં સરકારી અડચણો પણ જોવા મળશે. બહારનાં કોઈપણ વ્યકિતઓનો ભરોસો ન કરવો. વિલંબ અવરોધથી સારા એવા ફળ મળશે. વેપાર ધંધા માટે મહેનત વધારજો એકંદરે વર્ષ સારૂ છે.

જમીન-મકાન અને સંપત્તિ :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં અહીં સંપત્તિનાં પ્રશ્નો આપની ઉંઘ હરામ કરી ન નાખે તેનું ખાસ ધ્યાન રાખજો. અહીં બને તો નવી મિલ્કત લેવાનું ટાળવું જોઈએ. આપની બાપ-દાદાની મિલ્કતનાં પ્રશ્નોમાં સંપત્તિનાં પ્રશ્નો ધીમે ધીમે હલ થતાં જોવા મળશે. જેટલી ધીરજ રાખશો તેટલી તમારા માટે રાહતરૂપ જણાશે. તમારી ઈચ્છા મુજબનું ઘર નહી મળે થોડું ઘણું જતું કરવાની ભાવના જણાશે. અહીં આપની મિલ્કત માટે કે લે વેચ માટે સારો યોગ છે. જે તક મળે તે ઝડપી લેજો. વારસાકીય સંપત્તિનાં પ્રશ્નો પણ હલ થતા જણાશે.

લગ્ન અને દાંમપત્ય જીવન :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં અવિવાહીત વ્યકિત માટે સમય સારો છે. વૈવાહિક જીવનની શરૂઆત કરી શકશો. અવિવાહીત વ્યકિત માટે લગ્ન આડેના પ્રશ્નોનો હલ થતા જણાય તેમની ઈચ્છા બર આવતી જણાય.

જયારે વિવાહીત વ્યકિત માટે લગ્ન દાંમપત્ય જીવનમાં કલેહ કંકાસને સ્થાન આપશો નહી. ખોટી શંકા કુશંકા છોડશો તો જ દાંમપત્ય જીવનમાં તમે સુખનો આનંદ માણી શકશો.

સંતાનો અને અભ્યાસ :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં આપના સંતાનો માટે આ સમય મિશ્ર જણાય છે. આપના સંતાનોના પ્રશ્નો ધીમે ધીમે ઉકેલી શકાશે. સંતાનોનાં તબીયતનો પણ અહી ખ્યાલ રાખજો. થોડી બેદરકારી મોટી ઉપાધીમાં મુકી દેશે.

જયારે વિદ્યાર્થી વર્ગ માટે શુભ ફળ અને પ્રગતિવાળુ જણાશે. જેટલી મહેનત કરશો તેટલુ સારૂ ફળ મેળવી શકશો. નિરાશ થવાની કોઈ જરૂર નથી. તમારી મહેનત લેખે લાગવાની છે. અને પરીણામ પણ સારૂ લાવી શકશો.

શત્રુ-કોર્ટ અને કચેરી :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં આપના શત્રુ હરીફોથી ચિંતા રાખવાની જરૂર નથી. અહીં આપને શત્રુના કારણે નહી પરંતુ તમારી કાલ્પનિક માન્યતાને કારણે શત્રુ ઉભા થશે. તમારા શત્રુ કંઈ બગાડી શકશે નહી. જયારે કોર્ટ કચેરીનાં વિવાદોનાં કેસના ઉકેલ માટે આ સમય મદદરૂપ બનતો જણાશે. તેથી ખોટી ચિંતા છોડી દેજો. મહેનત વધારશો જે મળે તેમાંથી બહાર નીકળી શકશો.

આરોગ્ય અને પ્રવાસ :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં આપના અંગત આરોગ્યની કેર લેતા રહેજો. કોઈ ખાસ બિમારી આવશે નહી. નાની નાની સામાન્ય તકલીફો રહયા કરશે.

જયારે વર્ષનાં ગ્રહયોગ જોતાં પ્રવાસ માટે લાંબા કરતા ટુંકા પ્રવાસો વધુ થશે. લાંબા પ્રવાસ થાય તેવુ લાગતું નથી. વિદેશ જવાની ઈચ્છા આ વર્ષમાં ફળશે નહીં.

### મિથુન રાશિઃ- (ક.છ.ઘ)

વિક્રમ સંવત ૨૦૮૧ના પ્રારંભમાં ગુરૂદેવ વર્ષની શરૂઆતમાં બારમાં ભવનમાં રહેનાર છે. તેમજ શનિદેવ કુંભ તેમજ મીન રાશીમાં રહેનાર છે. ગુરૂદેવ તા. ૧૫-૫-૨૦૨૫ પછી તમારી રાશીમાં પ્રવેશ કરશે. વર્ષની શરૂઆતમાં શુક્ર તેમજ બુધ ૬ઠા રોગભવનમાં રહેનાર છે. તેમજ રાહુદેવ દસમાં ભવનમાં રહેનાર છે. વર્ષનાં પ્રારંભમાં અશાંતિ બેચેની મુશ્કેલીઓ કરાવે. પરંતુ નાસીપાસ થવું નહી. તા. ૧૫-૫-૨૦૨૫ પછી ગુરૂદેવ તમારી રાશીમાં પ્રવેશ કરશે. ત્યારબાદ થોડી રાહત કરાવે. અહી નાની મટી કોઈ પનોતી નથી. દસમાં ભવનમાં રાહુ હોવાથી કોઈપણ પરિસ્થિતિનો તમે મુકાબલો કરી શકો. તકલીફનાં સમયે મંળવાર કરવા. વિષ્ણુ સહસ્ત્રનાં પાઠ કરવા તેમજ ધાર્મિક આધ્યાત્મીકનું વાંચન કરવું.

માનસિક પરિસ્થિતિ :-

વર્ષના ગ્રહયોગ જોતાં તમારી માનસીક પરિસ્થિતિ ડામાડોળ રહેશે. કોઈને કોઈ પ્રકારે અશાંતિ અને ચિંતાઓ વધુ રહેશે. કોઈના વાદ-વિવાદમાં પડવું નહી. શરૂઆતમાં કેટલાક વિઘ્નો આવશે બાદમાં સારૂ ફળ પણ મળશે. પરંતુ તેના માટે તમારે કડી મહેનત કરવી પડશે. માનસીક શાંતિ મેળવવા ભગવાનનું ધ્યાન ધરવું. તેમજ આધ્યાત્મીક વાંચન કરવું જેથી તમારી માનસીક સ્થિતિ સારી રહેશે. ઈશ્વરમાં અડગ શ્રધ્ધા રાખજો. અહમ અને અભિમાન ન રાખતા નહીતર પસ્તાવાનો વારો આવશે. વર્ષની શરૂઆતમાં ઘણી બધી તકલીફ પડશે પરંતુ તેમાંથી તમે બહાર નીકળી શકશો. અમુક સમયે બેચેની અશાંતિ તેમજ મુશ્કેલીઓ પણ ઉભી કરાવશે. તમારે તમારૂ કાર્ય કરવા જવાનું છે. એમ માનીને ચાલશો તો બધી મુશ્કેલીઓમાંથી બહાર નીકળવાનો માર્ગ મળતા જણાશે.

નાણાકીય સ્થિતિ :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપની નાણાંકીય સ્થિતિ એકંદરે ઠીકઠાક જોવા મળશે. તમારૂ ધાર્યા મુજબ કશુ નહી થાય. આવક વૃધ્ધીમાં તમારી મહેનત રંગ લાવશે. આ સમયમાં કોઈ મુડી રોકાણ કરવા માંગતા હશો તો તેમાં મહેનત વધારજો. સમય સાનુકુળ મળે તો જેની તક આવે તે ઝડપી લેજો. કોઈને પૈસા ઉધાન આપવાની સલાહ છે. આપની વ્યવસાયીક ધ્યેયને પાર પાડવા આપ જરૂરી નાણાની બચત કરી રાખજ જેથી ભવિષ્યમાં તમને જ ફાયદો થશે. અહી કોઈ નવુ સાહસ ન કરજો. નહીતર નુકશાન થવાની ભીતી છે. આપની આવક અને જાવક બંને સરખી રહેશે.

નોકરી અને ધંધાકીય બાબતો :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં નોકરીયાત વર્ગને આ સમયમાં કેટલાક ફેરફારો પણ જોવા મળશે. તમાર વિકાસ એટલી ઝલ્પી રીતે થાય નહી અને વિકાસ માટે તમારે કષ્ટ પાર કરવા પશે. બઢતી બદલીના યોગ છે. તમારા હિત શત્રુઓ તમને શાંતિથી બેસવા નહી દે તેનાથી ડરવાની જરૂર નથી. વિઘ્નો આવે તો પણ તેમાંથી તમે પાર ઉતરી શકશો.

જયારે વેપાર ધંધા માટે વર્ષનાં ગ્રહયોગ જોતાં અમુક પ્રશ્નો પણ આવશે. તેમાં અડગ રહેશો તો તેમાંથી પણ તમે બહાર આવી શકશો. અહીં અવરોધો અને મુશ્કેલીઓ આવશે. પરંતુ તેમાંથી બહાર નીકળવાનાં માર્ગ આપ ગોતી શકશો. ધંધાનાં વિકાસ માટે મહેનત કરશો તો આગળ વધશો. જેવુ જોઈએ તેવું વેપાર ધંધામાં નહી મળે. તમારે આધ્યાત્મીક વાંચન કરવું જેથી તમારા મનને પણ શાંતિ મળી રહે.

જમીન-મકાન અને સંપત્તિ :-

વર્ષના ગ્રહયોગ જોતાં સંપત્તિ માટે અમુક સારી તક મળે તે તમે ઝડપી લેજો. આપના લાંબા સમયથી અણઉકેલ પ્રશ્નોનો અહી ઉકેલ આવતો જોવા મળશે. આ સમયમાં આપ જમીન મકાનની ખરીદી લે કે વેચ માટે પણ ફેરબદલી કરી શકશો. ભાડાને લગતા મકાનમાં પણ બદલી થઈ શકે. અહી તમે નવુ મકાન લેશો તો સમજી વિચારીને કરજો. તમારી મિલ્કતનાં પ્રશ્નોમાં હજુ તમારે રાહ જોવી પડશે. સંપત્તિ માટે તેમજ બાપ દાદાનાં વારસાઈ મિલ્કતમાં હજુ રાહ જોવી પડશે. આપના સંપત્તિનાં પ્રશ્નો અંગે ચિંતા પણ થશે.

લગ્ન અને દાંમપત્ય જીવન :-

વર્ષના ગ્રહયોગ જોતાં અવિવાહીત વ્યકિત માટે લગ્નના યોગ છે. આપના લગ્નની વાતચીત પણ આગળ વધારી શકશો. આપના પ્રભુતામાં પગલા પાડવાની ઈચ્ચ્રા પૂર્ણ થશે.

જયારે વિવાહીત વ્યકિત માટે આપના જીવન સાથીની આરોગ્યની કેર લેતા રહેજો. પતિ-પત્ની વચ્ચે કોઈ ગેરસમજ હશે તો તેમાંથી દુર કરી શકશો. ખોટી ચિંતાઓ ન કરતા.

સંતાનો અને અભ્યાસ :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં આપના સંતાનો અંગે કોઈ ચિંતા હશે તો તેનું નિરાકરણ લાવી શકશો. આ સમયમાં સંતાનોનાં આરોગ્યની કેર લેતા રહેજો. નાની નાની તકલીફો તો હયા કરશે.

જયારે વિદ્યાર્થી વર્ગ માટે અભ્યાસમાં મહેનતનાં પ્રમાણમાં ફળ ન મળતા તમને હતાશા નિરાશા કરાવશે. મહેનત અને એકાગ્રતા વધારશો તો તમારૂ પરીણામ પણ સારૂ મળી રહેશે.

શત્રુ-કોર્ટ અને કચેરી :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપના વિરોધી હરીફો આપને પાછળ પાડતા રહેશે. મહેનત વધારશો તેથી સાવધ રહીને ચાલશો તેઓ અવરોધો સર્જશે તમારા લાભ અટકાવવાના પ્રયત્નો પણ કરશે. જયારે કોર્ટ કચેરી કે સરકારી પ્રશ્નો અંગે આપને ચિંતાના વાદળ ઘેરી લેશે. બને ત્યાં સુધી સમાધાનકારી વલણ અપનાવજો. અહી તમને કોઈની મદદ કામ લાગશે. બીજાનો સાથ સહકાર લઈ કામ પતાવવું. વિશ્વાસઘાત ન થાય તેનું ખાસ ધ્યાન રાખજો.

આરોગ્ય અને પ્રવાસ :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપણનું આરોગ્ય સારૂ રહેશે. અહીં કોઈ ચિંતા કરવાનું કારણ નથી. બહારનું ખાવા-પીવાનું ટાળજો. નહીતર નાની નાની બીમારી આવશે.

જયારે પ્રવાસ માટે નવી તકો આવશે. પરંતુ તે માટે ખર્ચ અને મુશ્કેલીઓનો પણ સામનો કરવો પડશે. પ્રવાસ દરમ્યાન પડવા લાગવાથી ધ્યાન રાખજો.

### કર્ક રાશિઃ- (ડ.હ.)

વિક્રમ સંવત ૨૦૮૧ના પ્રારંભમાં તમારો રાશિ સ્વામી ગ્રહ ચંદ્ર ચોથા ભવનમાંથી પસાર થાય છે. વર્ષનાં પ્રારંભમાં ગુરૂદેવ વૃષભ રાશીમાં છે. જે રાહતરૂપ છે. પરંતુ તા. ૧૫-૫-૨૦૨૫ પછી મિથુન રાશીમાં બારમાં ભવનમાં પ્રવેશ કરશે. નાની પનોતી રૂપાના પાયે છે. આંતરીક અશાંતિ કરાવે. તેમજ રાહુદેવ નવમાં ભાગ્ય ભવનમાં રહેનાર છે. આ વર્ષનાં મહત્વનાં ગ્રહયોગ જોતાં પરિસ્થિતિ વીપરીત બનાવે છે. મનની પરિસ્થિતિ ડામાડોળ રહે. તકલીફનાં સમયે ભગવાન શિવજીની ઉપાસના કરવી તેમજ સોમવાર કરવા ધાર્મિક તેમજ આધ્યાત્મીક વાંચન કરવું.

માનસીક પરિસ્થિતિ :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપની માનસીક પરીસ્થીતી સાનુકળતાને બદલે પ્રતિકુળતાઓનો અનુભવનો વધારો થશે. તમારી જીંદગીમાં તમને ન જોયા હોય થેવા સંજોગો ઉભા થશે. અહી તમારા મનના ધાર્યા મુજબ તમારૂ કાંઈપણ કામ નહી થાય જેથી તમે હતાશા નિરાશા પણ થશે. અહી તમારે તમારો આત્મવિશ્વાસ અને હિંમત ન ખોઈ બેસતા. કોઈની સાથે વાદ વિવાદ અને કલેશ વધારવા નહી. આ સમયમાં તમારી અગત્યની કામગીરી તમારી ઈચ્છાઅ મુજબ નહી થાય. પણ અહી તમારે હિંમત હારવાની નથી. આધ્યાત્મીક વાંચન પણ કરતા રહેવું તમારૂ મન મકકમ બની રહેશે તો અવશ્ય તમારી માનસીક સ્થીતીમાંથી બહાર આવી શકશો. ધીરજ અને સંયમ રાખવા જરૂરી જણાય છે. કોઈનો ડર ને ભય રાખવાની જરૂર નથી. નિડર અને સાહસ રહેજો.

નાણાકીય સ્થિતિ :-

વર્ષના ગ્રહયોગ જોતા આપની નાણાકીય સ્થિતિ બહુ જ સારી નથી. ઠીક ઠીક કહી શકાય. આપના જીવનમાં મહત્વનાં નવા નિર્ણયો પણ વણાંક આવશે. જુની ઉઘરાણીઓ હલ ન આવતી લાગે. અહી તમારા આવક કરતા ખર્ચ પણ વધશે. જુના લેણા ઉઘરાણી પણ અટકતી લાગે. તમારા ગૃહજીવનમાં ખર્ચ વધશે. વર્ષના થોડા સમય આર્થિક સ્થિતિ સુધારાજનક જણાશે. આ સમયમાં ખર્ચ પર અંકુશ રાખશો તો રાહત રહેશે. તમારી નાણાકીય જવાબદારીઓને પહોંચીસ વળવા તમારે પ્રયત્નો વધારવા પડશે. કોઈની મદદથી તમારૂ કામ બનતુ જણાશે.

નોકરી અને ધંધીય બાબત :-

વર્ષના ગ્રહયોગ જોતાં નોકરીયાત વર્ગ માટે મેહનતના પ્રમાણમાં ફળ જોવા મળશે. પરંતુ મહેનત વધારશો તો અચુક ફળ મળશે. અહી તમારી વિરોધીઅની કારી ચાલશે નહી. આપની બઢતી બદલીના યોગ હશે તો તેમાં સાનુકુળતા મળશે. ઉપરી અધિકારી તમારા પર દબાણ કરશે. ધીરજથી કામ કરવાની સલાહ છે. ધીરજથી ડગ ભરશ ત સફળતા મળશે.

જયારે વેપાર-ધંધા માટે હેરાનગતિ વધતી જોવા મળશે. વિવાદનાં પ્રસંગોથી તમે ત્રાસી ગયા હશો તે વસ્તુનો અંત આવશે. આપના આત્મબળ અને વિશ્વાસથી કાર્ય કર્યે જાવ. તેમાં તમને અચુક સફળતા મળશે. આપના ધંધા વેપાર માટે ઘણા બધા અવરોધો અને વિઘ્નો આવશે. પણ તેમાંથી બહાર નીકળવાનો માર્ગ મળતાં રહેશે. અગાઉનાં સમયમાં તમે જેટલું શીખ્યા હશો તે તમને આ વર્ષમાં ઉપયોગમાં સફળતા મળી રહેશે.

જમીન-મકાન સંપત્તિ અને મિલ્કત :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપની જમીન મકાનનાં પ્રશ્નોમાં વર્ષ બહુ સાનુકુળ લાગતુ નથી. આપના મનનું ધાર્યુ અહી નહી થાય. અહી તમોને કેટલાક વિઘ્ન આવશે. તેમાંથી તમારે પાર થવાનું છે. આપની સંપત્તિના લે વેચના કામોમાં વિલંબ અવરોધ કરાવશે. સંપત્તિમાં તમારા રોકાયેલા નાણાં યા મુડીનું પુરેપુરૂ વળતર મળે નહી. તમારી ધારણા મુજબ કશુ થાય જ નહી. કોઈના વિશ્વાસે કોઈપણ સોદા કરવા નહી. પાછળથી પસ્તાવા સિવાય કશુ રહેશે નહી. વર્ષ દરમ્યાન બગડેલી બાજી થોડે ઘણે અંશે સુધારી શકશો. બાપદાદાની વારસાની મિલ્કતમાં કોઈ લાભ દેખાત નથી.

લગ્ન અને દાંમપત્ય જીવન :-

વર્ષના ગ્રહયોગ જોતાં અવિવાહીત વ્યકિત માટે સમય શુભ છે. આપના લગ્નની ઈચ્છા પાર પડતી જણાશે. મનપસંદ જીવન સાથી મેળવી શકશો. અવિવાહીત વ્યકિત માટે સમય સાનુકુળ છે.

જયારે લગ્ન દાંમપત્ય જીવનમાં સમસ્યા અને મુંઝવણો ઉભી કરાવશે. તેમાંથી તમે બહાર નીકળી શકશો. આપના જીવનસાથીનું આરોગ્ય અહી સાચવવું વિયોગ કે છુટાછેડા જેવી વાતો થાય પણ તેમાંથી તમે બહાર આવી શકશો.

સંતાનો અને અભ્યાસ :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપના સંતાનો માટે સમય શુભ સુચવે છે. સંતાનો માટે આ વર્ષ સાનુકુળ છે. તેમની પ્રગતિ જોવા મળશે. આરોગ્ય અંગે કોઈ ભય રાખવાની જરૂર નથી.

જયારે વિદ્યાર્થી વર્ગ માટે વર્ષ મધ્યમ કહી શકાય. અને તમારી મહેનતનો બદલો સારો મળે. તમારે તમારી સફળતા માટે તમારે વધુ મહેનત કરવી પડશે તેથી તમારે વધુ લક્ષ આપવનું જરૂરી બને.

શત્રુ-કોર્ટ અને કચેરી :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપના શત્રુના કારણે અહી માનસીક તણાવ જણાય અને કારણ વગરની ખટપટ જણાય. પરંતુ આ બધામાંથી આખરે તો તમે મુકત થઈ જવાના છો. યોગ્ય ન્યાય મળતો જોવા મળશે. કોર્ટ કચેરીનાં પ્રશ્નોમાં કે સરકારી પ્રશ્નોના ઉકેલી ધીમે ધીમે જવા મળશે. અમુક સમય સાનુકુળ જણાશે.

આરોગ્ય અને પ્રવાસ :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપના આરોગ્ય માટે કોઈ ચિંતા કરવાનું કારણ જતાનું નથી. આપનું આરોગ્ય સારૂ રહેશે. આરોગ્ય બગડવાનું કોઈ કારણ જણાતું નથી. અમુક સમયે નાની બિમારી આવે.

જયારે પ્રવાસ માટે આપના મનગમતા પ્રવાસનું આયોજન કરી શકશો. આપના મનની ઈચ્છા પુરી કરી શકશો. કયારેક હેરાનગતિઓ પણ થશે. એકંદરે વર્ષ સારૂ છે.

### સિંહ રાશિ :- (મ.ટ.)

વિક્રમ સંવત ૨૦૮૧ના પ્રારંભમાં ગુરૂદેવ વૃષભ રાશીમાં રહેનાર છે. તા. ૧૫-૫-૨૦૨૫ પછી ગુરૂદેવ મિથુન રાશીમાં પ્રવેશ કરશે. ચાલુ વૃષમાં નાની કોઈ મોટી પનોતી નથી. વર્ષની શરૂઆતમાં રાહુદેવ આઠમાં ભવનમાં રહેનાર છે. તા. ૨૯-૩-૨૦૨૫ પછી શનિ દેવ મીન રાશીમાં પ્રવેશ કરશે. એકંદરે નવુ વર્ષ ઠીક તેમજ અઠીક રહે. વર્ષની શરૂઆતમાં બુધ તેમજ શુક્ર પસાર થશે. ત્યારબાદ જમીન વગેરેનાં લાભ મલે. અહી થોડોક માનસીક ઉચાટ અજંપો બેચેની કરાવે. માનસીક રાહત મેળવવા માટે આધ્યાત્મીક વાંચન કરવું. તેમજ સુર્ય ઉપાસના કરવી. મંગળવાર કરવા. મિત્રો સંબંધીઓની મદદ મળે તે લઈ લેવી. આમ નવા વર્ષના પ્રારંભમાં અશાંતિ અજંપો રહે. પરંતુ વર્ષના મધ્ય ભાગ પછી રાહત મળે.

માનસિક પરિસ્થિતિ :-

વર્ષનાં ગ્રહ જોતાં આપની માનસીક પરિસ્થિતિ ઠીક જણાય છે. આપને કડવા અનુભવનો સામનો કરવો પડશે. અહી તમને તમારી જીંદગીમાં આ બદલતા રંગોનું મુલ્ય જોઈ તમને તમારી ચિંતામાં પણ વધારો નજશે. કોઈના ભરોસે ન રહેવાની સલાહ છે. અમુક સમયે તમોને બેચેની અને અજંપો પણ કરાવશે. તમારે આધ્યાત્મીક વાંચન કરવાથી પણ રાહત મળશે. તમારી માનસીક સ્થિતિ ડામાડોળ બનતી જોવા મળશે. માનસીક પરિસ્થિતિને પહોંચી વળવા તમારે તમારા લક્ષમાં જ ધ્યાન આપવું. મિત્રોનો પણ સહારો લઈ શકો છો. કયારેક તમારી લાગણી પણ દુભાશે. માનસીક પરિસ્થિતિમાંથી તમને બહાર નીકળવાનો માર્ગ તો મળશે પણ ધીમી ધીમી ગતીએ મળશે.

નાણાંકીય સ્થિતિ :-

વર્ષનાં ગ્રહયોગ જોતા આપની નાણાકીય સ્થિતિ ઠીક જોવા મળશે.

(અનુ.પાંચમા પાને.)

(ચોથા પાનાનું ચાલુ)

તમારી નાણાકીય સ્થિતિ જોઈએ તેટલી સુધરે તેમ લાગતું નથી. અમુક સમયે ખર્ચ પણ વધતા જોવા મળશે. તમારી આવક કરતા જાવકનું પ્રમાણ વધુ રહેશે. જુની ઉઘરાણી માટે હજી તમારે રાહ જોવી પડશે. તમારી નાણાકીય સ્થિતિ માટે તમારે વધુ ધ્યાન આપવું જોઈએ. તમારા જરૂરી કામકાજો માટે તમે તમારી વ્યવસ્થા જાતે જ કરી શકશો. અગાઉ ભોગવેલા નુકસાન સામે આવકો વધશે. તમારા ધંધામાં ફસાયેલા નાણા મેળવવા પ્રયત્ન કરશો તે પણ પ્રાપ્ત થવામાં વાર લાગશે.

નોકરી અને ધંધાકીય બાબતો :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં નોકરીયાત વર્ગને ઠીક પરીણામો જોવા મળશે. તમારા આયોજન પ્રમાણે ધ્યાન રાખી નોકરીમાં સારી સફળતા મળશે. નોકરીયા વર્ગને બઢતી બદલીના યોગ છે. જે તક મળે તે ઝડપી લેજો. સરકારી નોકરીવાળાને બઢતી બદલીમાં થોડી ઘણી સમસ્યા જોવા મળશે. એકંદરે વર્ષ મિશ્ર જણાય છે. તમારા હક પ્રમાણે તમને જોઈતું પરીણામ નહી મળે.

જયારે વેપાર ધંધા માટે કે કોઈ બીજા ક્ષેત્ર સાથે સંકળાયેલા હોય અહી આ સમય સફળતા નિષ્ફળતા લાભ નુકશાન વગેરે માટે મિશ્ર અનુભવો સુચવે છે. ધંધાનાં ક્ષેત્રમાં કોઈ અડચણો વિઘ્નો પણ આવશે. પણ તેમાંથી બહાર નીકળવામાં માર્ગ તમને મળતા જોવા મળશે. નવા ધંધા માટે કોઈ સાહસ કરવું નહીં. વેપાર ધંધામાં વધુ મહેનત કરશો તો તમને અવશ્ય ફળ મળશે. તમારા પ્રયત્નો ચાલુ રાખજો.

જમીન-મકાન સંપત્તિ અને મિલ્કત :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપની સંપત્તિનાં અગત્યનાં નિર્ણય લઈ શકશો. પણ તેમાં વિલંબ અવરોધ થશે. અહી તમને કેટલીક સારી તક પણ મળશે. સમય સાથે ચાલતા હોય તેવું લાગશે. સંપત્તિનાં લે વેચનાં કામકાજમાં થોડી તકલીફ કરાવશે. વર્ષના અમુક સમયમાં તમારા ગ્હોની નબળી અસર પણ જોવા મળશે. અહી વિશ્વાસઘાતનાં પ્રસંગો ન બને તેનું ખાસ ધ્યાન રાખજો. વાદ વિવાદમાં ન પડવું. ખોટા ખર્ચ વધશે. એક વાત યાદ રાખવી કે આપનો માૃગ અહી દેખાય તેટલો સરળ નહી હોય. વિઘ્નો આવ્યા કરશે. સંપત્તિ બાબતે આપનો કરજ તેમજ બોજ વધશે. નવા મકાનની કોઈ એંધાણ દેખાતા નથી. બાપ દાદાની મિલ્કતમાં પણ હજુ વિલંબ અવરોધ જણાય છે.

લગ્ન અને દાંમપત્ય જીવન :-

વર્ષના ગ્રહયોગ જોતાં અવિવાહીત વ્યકિત માટે આપનાં લગ્ન વિવાહ માટે સમય સારો છે. માંગલીક પ્રસંગો ઉજવી શકશો. લાંબા સમયથી અટકેલા કાર્ય થઈ શકશે. આપના યોગ્ય પાત્રની પસંદગી કરી શકશો.

જયારે લગ્ન દાંમપત્ય જીવનમાં નાની મોટી અડચણો રહયા કરશે. પરંતુ તેને તમે ઉકેલી શકશો. આપના જીવનસાથીનું આરોગ્ય બગડે નહી તેનું ખાસ ધ્યાન રાખજો.

સંતાનો અને અભ્યાસ :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં આપના સંતાનોનાં પ્રશ્નો ઉકેલવા તરફ ધ્યાન આપજો. અહીં આપને સંતાનો સાથે સહકાર મળવા મુશ્કેલ જણાશે. સંતાનો જોડે મતભેદ ન સર્જાય તેનું ધ્યાન રાખજો. આપના સંતાનના આરોગ્ય સાચવવા તરફ ધ્યાન આપજો.

જયારે વિદ્યાર્થી વર્ગ માટે આપની મહેનતનાં પ્રમાણમાં ફળ ન મળતા તમોને હતાશા નિરાશા પણ વધશે. આપનું મન અભ્યાસમાં લગાડજો તો તેનું ફળ સારૂ મળશે.

શત્રુ-કોર્ટ અને કચેરી :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપના શત્રુ વિરોધીથી સાચવજો. તેમના સાથે સંઘર્ષ વિવાદમાં ઉતરવામાં સાર નથી. બને તેટલા તેમનાથી દુર રહેવું જ વિતાવહ છે. અહી આપના કોર્ટ કચેરીનાં પ્રશ્નો દુર ઠેલાતા જોવા મળશે. આપના વિરૂધ્ધના દાવામાંથી મુકત થઈ શકશો.

આરોગ્ય અને પ્રવાસ :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં આપના આરોગ્યની આ સમયેમાં કાળજી માગી લેશે. જો કાળજી લેશો તો બિમારીનાં ખાટલામાંથી મુકત થશો. અહી મોટી ઉમરની વ્યકિતઓ માટે સમય સુધરતા જણાશે.

જયારે પ્રવાસ માટે ટુંકા કરતા લાંબા પ્રવાસ વધુ થશે. વિદેશ ગમનનો પણ અહીં યોગ બનતો જણાતો નથી. એકંદરે વર્ષ સારૂ છે.

### કન્યા રાશિ :- (પ.ઠ.ણ.)

વિક્રમ સંવત ૨૦૮૧ના પ્રારંભમાં ગુરૂદેવ વૃષભ રાશીમાં રહેનાર છે. તા. ૧૫-૫-૨૦૨૫ પછી ગુરૂદેવ મિથુન રાશીમાં પ્રવેશ કરશે. રાહુદેવ સાતમાં ભવનમાં પસાર થાય છે. તા. ૨૯-૩-૨૦૨૫થી શનિદેવ મીન રાશીમાં પ્રવેશ કરશે. એકદંરે નવુ વર્ષ તમારા માટે મિશ્ર છે. શુભ તેમજ અશુભ બંને પ્રસંગ બને. ચાલુ વર્ષમાં વર્ષની શરૂઆતનો સમય સારો છે. ત્યારબાદ ગુરૂ તેમજ શનિના રાશી પરીવર્તન બાદ થોડી ચિંતાઓ કરાવે. નાની કે મટી કોઈ પનોતી નથી. ચાલુ વર્ષમાં નાણાકીય પરિસ્થિતિમાં સુધારો કરાવે આવક વધારવાના પ્રયત્નોની અંદર સફળતા મળે. વર્ષની શરૂઆતમાં બુધ તેમજ શુક્ર પરાક્રમ ભવનમાં રહેનાર છે. તેથી થોડા પ્રવાસોનો યોગ બને. તકલીફનાં સમયે દેવી ઉપાસના કરવી તેમજ બુધવાર કરવા તેમજ આધ્યાત્મીક વાંચન કરવું.

માનસિક પરિસ્થિતિ :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપની માનસીક પરિસ્થિતિ એકંદરે ઠીક જોવા મળશે. તમારી માનસીક પરિસ્થિતિને આ સમય સાનુકુળ ન હોવા છતાંય સમતોલન અને સ્થિર રાખી શકશો. ઘણીવાર માનસીક ડીપ્રેશન જોવા મળશે. અહી તમારે માત્ર ધીરજ અને શાંતિથી સ્વસ્થ અને મજબુત રાખજો. અહી તમે એટલુ યાદ રાખજો કે આપ દ્રઢ માનસીક સંકલ્પ રાખીને આપોઆપ વધુ પાર પાડતુ જણાશે. તેથી મનને શાંત રાખીને સાહસીકતાથી મદદકર્તા બનનાર છે. તમારા મનને શાંત કરવા માટે તમારે આધ્યાત્મીક વાંચન કરવું. તમારી સમસ્યા તમે જાતે ઉભી ન કરતા. તમારી માનસીક સ્થિતિ સમતોલ અને મજબુત બનાવવાની ભાવના રાખજો. અહી તમારે ઢીલા થઈને જરાય રહેવાનું નથી. કોઈના પર વિશ્વાસ ન કરવાની સલાહ છે.

નાણાંકીય સ્થિતિ :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપની નાણાંકીય સ્થિતિ સુધારાજનક જોઈ શકશો. આપને કેટલીક સારી તકો હાથ આવતી મળશે. જેનો ઉપયોગ કરી આપના નાણાંકીય પરિસ્થિતિ સુદ્રઢ બનાવી શકશો. અહી તમારે આવક વધારવાના પ્રયત્નો કરવાના છે. તમારી આર્થિક અને નાણાકીય સ્થિતિમાં આપની મહેનત અને પરીશ્રમ ખુબ જ છે. જરાપણ આળસ રાખ્યા વિના આપ કામકાજ કરતા રહેજ. આપની આવક થાય નહી તેવી હતાશા વધશે. આવક સામે જાવક પણ વધતા જોવા મળશે. તમારા કામકાજોમાં ચલાવવા માટે તમારે વધુ નાણાકીય સગવડત ઉભી કરવી પડશે. શેરસટ્ટામાં કોઈ લાભ જણાતો નથી. આપની ગામે તેટલી બચત થશે નહી અહી તમે ધારો છો તેટલા લાભ પણ નહી મળે. અહી તમારે સમય અને સંજોગ મુજબ રહેવાનું છે.

નોકરી અને ધંધાકીય બાબતો :-

વર્ષના ગ્રહયોગ જોતા આપની નોકરી માટે ધાર્યુ ફળ તો મળશે પરંતુ તમારે મહેનત વધારવી પડશે. અહીં સહકર્મચારીઓ અને ઉપરી અધિકારીનોો સાથ મેળવી શકશો. આપની નોકરી ક્ષેત્રમાં તમારૂ માનપાન પણ વધશે. નોકરીયાત વર્ગને બઢતી બદલીના યોગ હશે તો ઈચ્છા પૂર્ણ થશે. બેકાર વ્યકિતઅને પણ સારી એવી નોકરી મેળવવાની સંભાવના રહેશે. જે તક મળે તેને ઝડપી લેજો.

જયારે વેપાર-ધંધામાં આપને કેટલીક સારી તકો મળશે તેને ઝડપી લેજો. તમારી મહીનત ધંધાકીય યોજનાઓમાં તમે સફળ થશો પરંતુ સખ્ત મહેનત કરવી પડશે. આપના ધંધા માટે આવક વૃધ્ધિમાં વધારો થતો જોવા મળશે.

જમીન-મકાન સંપત્તિ અને મિલ્કત :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં આપના જમીન મકાનના પ્રશ્નોમાં સફળતા મળશે. પરંતુ મહેનત વધારવી પડશે. આપની કૌટુંબીક સંપત્તિ અંગેનાં પ્રશ્નો જો લાંબા ગાળાથી અણઉકેલ રહયા હોય તો આ વર્ષમાં ઉકેલ આવી મળશે. અહી આપના જમીન મકાન અંગેનાં પ્રશ્નોમાં કોઈની બુધ્ધિ ચાલશે નહી તો તમને ઉંધા રસ્તે ચઢાવી દેશે. તમારૂ મન માને તે રીતે જ ચાલજો. આ વર્ષમાં પુરાણી મિલ્કતો અંગેનાં કામમમાંથી મુકિત મળશે. પરંતુ તેમાં તકલીફો પણ આવશે. કોઈના ઉપર આંધળા વિશ્વાસે ચાલશો નહી. એક વાત યાદ રાખજો ઉતાવળે કોઈ કામ કરતા નહી. વર્ષમા સામાન્ય મુશ્કેલીઓ આવશે તેમાંથી પણ તમારે બહાર આવવાનો માર્ગ મળશે.

લગ્ન અને દાંમપત્ય જીવન :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં અવિવાહીત વ્યકિત માટે તમારી ઈચ્છા પ્રમાણે તમારા જીવનસાથી નહી મળે. લગ્ન વિવાહ અંગે સમય સારો છે. વવૈવાહિક વાતચીતમાં પ્રગતિ જણાશે. કૂટુંબીક સભ્યોનો સાથ તેમજ સહકાર મેળવી શકશો.

જયારે દાંમપત્ય જીવનમાં આપ જેટલા વ્યવહારીક બનશો તેટલી શાંતિ અનુભવી શકશો. આપના સ્વમાન કે લાગણીી પ્રશ્નોથી વિવાદ સર્જાશે. મન પરનો ક્રોધ ગુસ્સો રોકીને ખોટી શંકા કુશંકા ગેરસમજોને છોડશો તો સ્થિતિ સંભાળી શકશો. અહી આપના જીવનસાથીનું આરોગ્ય અહી સાચવજો.

સંતાનો અને અભ્યાસ :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં આપના સંતાનોને લગતી સમસ્યાઓ આ વર્ષમાં ઉકેલી શકશો. આપના સંતાનો તરફથી સાથ સહકાર મળશે. આપના સંતાનોના મહત્વનાં નવા કાર્યો પણ આ સમયમમાં ઉકેલી શકશો. આપના સંતાનોની આરોગ્યની કેર લેજો.

જયારે વિદ્યાર્થી વર્ગ માટે મહેનત મુજબ ધાર્યુ પરીણામ ન મળે તેથી ધાર્યુ પરીણામ મેળવવા મહેનત વધારકવી પડશે તો જ સફળતા મળશે.

શત્રુ-કોર્ટ અને કચેરી :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપના કોર્ટ તેમજ સરકારી કચેરીના પ્રશ્નોમાં ઉકેલ આવતો જણાશે. આપના શત્રુ વિરોધીઓ હિતુ શત્રુઓના કારણે અહી આપને માનસીક ચિંતા વધશે. ખોટા કારણ વગરની ખટપટ વધતી જણાશે.

આરોગ્ય અને પ્રવાસ :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપના આરોગ્યનું ખાસ ધ્યાજ રાખજો. આપનું આરોગ્ય અહી કેર માંગી લેશે. ખાવાપીવામાં નિયમીતતા રાખજો. ઘરનાં વડીલ વર્ગની તબીયત બગડી હોય તો તે સુધરતી જણાશે.

જયારે પ્રવાસ માટે આપના ધાર્ય પ્રવાસ થશે. અહી લાંબા કરતા ટુંકા પ્રવાસ વધુ થશે. વિદેશ જવાની ઈચ્છા અંગે હજુ આપનું ધાર્યુ થાય નહી.

### તુલા રાશિ :- (ર.ત.)

વિક્રમ સંવત ૨૦૮૧ના પ્રારંભમાં ગુરૂદેવ તમારા છઠ્ઠા ભવનમાં રહેનાર છે. વર્ષની શરૂઆતમાં શનિદેવ કુંભ રાશિમાં રહેનાર છે. તેમજ રાહુદેવ તમારા રોગ ભવનમાંથી પસાર થાય છે. નાની કે મટી કોઈ પનોતી નથી. વર્ષની શરૂઆતમાં ગુરૂદેવ તેમજ રાહુદેવ અશુભ ભવનમાં હોવાથી તમોને માનસીક અશાંતિ કરાવે. કોઈપણ પરિસ્થિતિ આવે ત્યારે મગજ ગુમાવવો નહી. તા. ૧૫-૫-૨૦૨૫ પછી ગુરૂદેવ રાહત કરાવશે. નવા કામકાજ કરવાનું મન થાય. તેમજ નવા કામકાજમાં જવાબદારી વધારાના કારણે માનસીક બોજ રહે. વર્ષની શરૂઆતમાં બુધ તેમજ શુક્રદેવ બીજા ભવનમાં રહેનાર છ તેથી કુટુંબનાં બનાવોો સારા બને. આ વર્ષ થોડું શાંતિથી સંભાળીને રહેવું. તકલીફનાં સમય આધ્યાત્મીક વાંચન કરવું વિષ્ણુ સહશસ્ત્રનાં પાઠ કરવા. શનિવારે અળદનું દાન કરવું.

માનસિક પરિસ્થિતિ :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં આપની માનસીક પરિસ્થિતિ એકંદરે ઠીક રહેશે. આપના મનની સ્વસ્થતા પર અસર કરશે. આપ જેટલા ધીરજ ને સંયમથી રહેશો તેટલો લાભ તમને થશે. ખોટા વિચાર ખોટી દોરવણી ખોટી ચડભડ આ બધું આપની શાંતિને નષ્ટ કરશે. આપે ઉદાર દીલનું થવૃં પડશે. અને થોડું ઘણું જતું કરવાની ભાવના રાશો તો વાંધો નહી આવે. આપની મનની સ્થિતિને સમજનાર કોઈ નહી હોય તેવું મનમાં રાખવાથી દુઃખ જ મળશે. માટે કેવળ આપની માનસીક સમતોલન આપને સહાયરૂપ થશે. સગા સ્નેહી સ્વજનો વિષે વધુ વિચારશો નહી નહીતર કેવળ દુઃખ જ થશે. કામકાજનો વધારો દોડાદોડી વધશે. તમારા મનને દ્રઢ મનબળ અને મકકમ થઈને રહેવાની સલાહ છે. આપની બુધ્ધિથી કામ કરજો નહીતર પસ્તાવાનો વારો આવશે.

નાણાંકીય સ્થિતિ :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપની નાણાંકીય સ્થિતિ એકંદરે ઠીક જોવા મળશે. અહી તમને ધાર્યા લાભ મળશે નહી. આપની બધી આશા નિરાશામાં પલ્ટાતી જોવા મળશે. કેટલીક હાની તથા નુકશાનીના પ્રસંગો જોવા મળે. અહી ખોટી મુડી રોકાણ કે સાહસ કરવા નહી. અને કોઈની ખોટી આશા પર જીવવું નહી. અહી જાવક કરતા ખર્ચ પણ વધશે. ડગલેને પગે વિઘ્નો અંતરાયો ઉભા થતાં જણાશે. કોઈપણ પગલુ વગર વિચારે કરવું નહી. અહી જોઈએ તેટલા નાણાં નહી મળે. આવક કરતા જાવકનું પ્રમાણ વધુ રહેશે. એકંદરે વર્ષ ઠીક ઠાક જણાય છે.

નોકરી અને ધંધાકીય બાબતો :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં આપના ગ્રહો નોકરીયા વર્ગને કંઈક રસ્તો બતાવશે. ગણતરી પૂર્વક રહીને કામ કરશો તો સફળતા અચુક મળશે. અહી બેકાર વ્યકિતને નોકરી મળવાની તક મળશે. અમુક સમયે તમને હેરાનગતી પણ ભોગવવી પડે. આપનું સન્માન પણ વધશે. વિઘ્નો આવશે પણ તેમાંથી બહાર નીકળવાનો માર્ગ મળતો જોવા મળશે. નોકરી બદલવા માંગતા હો તો સમય સારો છે.

જયારે વેધારી ધંધા માટે વર્ષનાં ગ્રહયોગ જોતાં ધંધામાં ઠીક યોગ જોવા મળે છે. ઉદ્યોગપતિ રાજકારણી હો તો આ સમયમાં તમને નિષ્ફળતા મળશે. લાભ કં નહી મળે. નુકશાની વેઠવનો વારો આવશે. વેપાર ધંનાં કારકીર્દીના કોઈપણ ક્ષેત્રને કોઈ મુશ્કેલી હશે તો તેમાંથી બહાર નીકળવાનો માર્ગ સરળ નહી હોય. નવા ધંધા માટે સાહસ ન કરવું.

જમીન-મકાન સંપત્તિ અને મિલ્કત :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં આપની સંપત્તિ માટે ધીમે ધીમે સાનુકુળ સમય જણાશે. તમારા જમીન મકાન સંપત્તિનાં કાર્યમાં થોડી ધીરજ રાખવી પડશે. નીરાશા થયા વિના કામ કરશો તો સફળતા મળશે. પરંતુ તેમાં હેરાનગતી મિલ્કતોનાં કારણે ખર્ચ વગેરે આ વર્ષનાં અંતમાં આખરે પાર થશે. અહીં મકાન અંગેની આર્થિક જોગવાઈઓ પણ ઉભી કરી શકશો. બધામાં લાંબો સમયગાળો માંગી લેશે. તમારા આયોજન પ્રમાણે તમારાથી કાંઈ થશ નહી. બાપદાદાની કે કૌટુંબીક સંપત્તિ માટેનાં પ્રશ્નમાં હલ કરવામાં તમને વિલંબ અને અવરોધ જણાશે. એકંદરે તમારા ગ્રહયોગ જોતાં વર્ષ ઠીક છે.

લગ્ન અને દાંમપત્ય જીવન :-

વર્ષના ગ્રહયોગ જોતાં અવિવાહીત વ્યકિત માટે લગ્ન અંગેની વાતચીત વિલંબમાં પડે. અનેક અંતરાય આવતા જણાશે. ધાર્યુ થાય નહી. વર્ષમાં લવમેરેજ કરનાર માટે નબળા યોગ છે. ભવિષ્યમા તકલીફો કરાવશે.

જયારે દાંમપત્ય જીવનમાં આપના જીવનસાથી સાથે ફરી ફરીને મજા માણી શકશ. નજીવા મતભેદોને અહી સ્થાન આપવા નહી. નહી તો દુઃખના દરીયામાં ડુબી જશો. આપના જીવન સાથીનો સાથ સહકાર અને પ્રેમ વધતો જોવા મળશે.

સંતાનો અને અભ્યાસ :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં આપના સંતાનને સુખની પ્રાપ્તિ થશે. તેમજ આપના સંતાનોનો સાથ સહકાર વધશે. સંતાનના પ્રશ્નનો હલ કરીને લાભ ઉભો કરી શકશ.

જયારે વિદ્યાર્થી વર્ગનાં અભ્ય્સ માટે ધાર્યુ ફળ નહી મળે. તમારી મહેનતના પ્રમાણમાં પણ ફળ ઓછુ મળતુ લાગશે. પરંતુ અગાઉના વર્ષ કરતા આ વર્ષમાં ફળ તો અવશ્ય મળશે.

શત્રુ-કોર્ટ અને કચેરી :-

વર્ષનાં ગ્રહયોગ જોતાં આપના શત્રુની કારી ચાલશે નહી તેમની દરેક ચાલ નિષ્ફળ જશે. મારી હરીફોની ચાલને કારણે તમને લાભ મળશે. તમારા વિરોધીઓ તમારૂ કશુ જ બગાડી શકશે નહી. જયારે કોર્ટ કચેરીનાં વાદ વિવાદના પ્રશ્નમાં સફળતા મળશે. સરકારીનાં કાર્યમાં અમુક સમયે સફળતા મળશે.

આરોગ્ય અને પ્રવાસ :-

વર્ષનાં ગ્રહયોગ જતાં આપનું આરોગ્ય એકંદરે ઠીક રહેશે. કોઈ મોટી બિમારી ના આવે તેનું ધ્યાન રાખજો. નાની બિમારી સામાન્ય તકલીફ કરાવશે.

જયારે પ્રવાસ અંગે હેરાનગતીઓ અને અગવડો ઉભી કરાવશે. સાથ સાથ ખર્ચ પણ વધુ થશે. લાંબી મુસાફરીનાં કોઈ યોગ નથી.

### વૃશ્ચિક રાશિ :- (ન.ય.)

વિક્રમ સંવત ૨૦૮૧ના પ્રારંભમાં ગુરૂદેવ તમારા સાતમા ભવનમાં રહેનાર છે. તા. ૧૫-૫-૨૦૨૫ પછી ગુરૂદેવ આઠમા અશુભ ભવનમાંથી પસાર થશે. વર્ષની શરૂઆતમાં શનિદેવ કુંભ રાશીમા પસાર થશે. નવુ વર્ષ માનસીક ઉચાટ કરાવશે. નાની પનોતી સોનાના પાયે પસાર થશે. જે થોડી ચિંતા કરાશવે. નવા વર્ષમાં હિંમતપૂર્વક રહેવું. જો મનમાં ડર રાખશો તો મુશ્કેલીની અંદર વધારો કરાવશે. લાગણી દુભાવવાની ઘટનાઓ બને. વર્ષના મધ્ય સમય પછી રાહુદેવ કુંભ રાશીમાં ભ્રમણ કરશે. આધ્યાત્મીક વાંચન કરવું. મંગળવાર કરવા. શનિવારે અળદનું દાન કરવું. વર્ષની શરૂઆતમાં નાણાંકીય પરિસ્થિતિ ગુરૂ શુભ હોવાથી નાણાકીય પરીસ્થીતી સારી રહે. તમે ધારો તો મુશ્કેલીમાંથી માર્ગ કાઢી શકો છો. અહી તમારે થોડી સહનશકિત રાખવી તેમજ ધીરજથી કાર્ય કરવા.

માનસિક પરિસ્થિતિ :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપની માનસીક પરિસ્થિતિ એકંદરે ઠીક રહેશે. તમારા મનમાં નબળા વિચારો પણ આવશે. નાનામાં નાની બાબતોમાં તમે અકળાઈ જશ. આપની માનસીક સંવેદનાઓ ઉપર અસર કરે તેવી ઘટનાઅ બનશે. ખોટા વિચારો કરવાનું બંધ કરી દેજો. તમારી મહત્વકાંક્ષામાં વધારો કરવાની જરૂર છે. આપ એકદમ કોમળ અને નાજુક પ્રકૃતિના છો એટલે થોડો સમય તમારા સંજોગો હચમચાવી દેશે. અહી તમારે વારંવાર લાગણી દુભાવવાની ઘટનાઓ બનશે. આ બધા સામે તમારે કેવળ સહનશીલતા કેળવવાની છે. અડગ નિશ્ચય સાથે તમારે કામે લાગી જવાનું છે. મનમાં આવતા ખોટા વિચાર કાઢી નાખવાના છે. તમારૂ મોબળ અને મકક રહેશો તો વાંધો નહી આવે. આધ્યાત્મીક વાંચન કરવાથી રાહત જરૂર મળશે. ભગવાનનું ધ્યાન ધરવું.

નાણાંકીય સ્થિતિ :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપની નાણાકીય સ્થિતિ મજબુત કરી શકશો. આર્થિક રીતે તમારી આવકમાં વધારો જોવા મળશે. આપના જીવનમાં નવો વણાંક આવી રહયો છે. અત્યાર સુધી જે બોજ વધતાં ગયા હશે તે શળવા થતા જણાશે. હજુ જુના અવરધો પાર કરવાના છે. આપની નાણાંકીય ગોઠવણ ઉભી થતી જોઈ શકશો. અહી તમારી યોજનાઓ સફળ પણ બનશે. અમુક સમયમાં ખર્ચા પણ વધશે પરંતુ તેના પર અંકુશ રાખવાથી રાહત મળશે. વર્ષના અંતિમ સમયમાં તમોને ઘણી દોડાદોડી રહેશે અને આપની નાણાકીય જવાબદારીઓને પહોંચી વળવા પ્રયત્ન જોરદાર બનાવશો. તેમાંથી બહાર નીકળી શકશો. આપના મિત્રન સાથ સહકાર સારો રહેશે.

નોકરી અને ધંધાકીય બાબતો :-

વર્ષના ગ્રહયોગ જોતાં નોકરીયાત વર્ગ માટે સારી તક છે. તમારા વિકાસ પ્રગતિની તક મળે તો ઝડપી લેજો. તમારા કાર્યક્ષેત્રમાં તમારે ઘણી તકલીફોમાંથી પસાર થતું પડશે. નાની મોટી તકલીફો તો આવ્યા કરશે. પરંતુ તમારી કામગીરી મંદગતિએ આગળ વધતા જોવા મળશે. નોકરીયાત વર્ગને અહીં ઉપરી અધિકારીઓનો સાથ સહકાર મળે નહી તો પણ આપને સારૂ ફળ મળી રહેશે. તમારી નોકરી અંગેની અણઉકેલ સમસ્યાઓ લાંબા સમય બાદ ઉકેલાય.

જયારે વેપાર ધંધા માટે આપના વેપાર ધંધા માટેમાં સંતોષકારક વાતાવરણ જોવા મળે નહી. તમારા વિરધીઓ હરીફો તમને ફાવવા દે તેમ લાતું નથી. તમારા ધંધા માટે નવા સાહસ ન કરવાની સલાહ છે. આમ આ રીતે જોઈએ તો મુશ્કેલી ભર્યો તમારો સમય રહેનાર છે. તમારે વિપરીત સંજોગોમાંથી માર્ગ કાઢી ને રહેવાનો છે.

જમીન-મકાન સંપત્તિ અને મિલ્કત :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપની સંપત્તિ અંગે કેટલીક નવી સારી તકો મળશે. જેનો ઉપયોગ તમે કરજો. આ સમયમાં મિલ્કતોના પ્રશ્નોમાં થોડી ધીરજ રાખવી. આપની સ્થાવર જંગમ મિલ્કતોના પ્રશ્ન ઉકેલાશે. નવા મકાનમાં નાણા રોકી શકશો. વર્ષ દરમ્યાન મિલ્કત બાબતથી લાભ આવક પણ વધશે. ભાડાના મકાનમાં રહેતા વ્યકિતઓ માટે સમય સાનુકુળ છે. બાપાદાદાની જમીનના પ્રશ્નોમાં ઉકેલ આવતા વાર લાગશે. એક વાદ યાદ રાખજો આ વર્ષે મિલ્કતો પાછળ નાણાં રકતા આપના માથે ભાર વધતો જોવા મશળે. આપની જવાબદારીઓ પણ વધતા સમયની સાથે ચાલતા રહેવુ પડશે.

લગ્ન અને દાંમપત્ય જીવન :-

વર્ષના ગ્રહયગ જોતાં અવિવાહીત વ્યકિત માટે લગ્ન અંગેની ચિંતા દૂર થશે. લગ્ન પ્રસંગોનાં માંગલીક પ્રસંગો ઉકેલી શકશો. પ્રભુતામાં પગલા પાડી શકશો. યોગ્ય જીવનસાથી પસંદગી કરી શકશો. લગ્નની રેશમ ગાંઠે બંધાઈ જવામાં સાર છે.

જયારે દાંમપત્ય જીવનમાં પરસ્પર કડવી આંતરીક ચકમક દુર કરી શકશો. તમારી પત્નીની તબીયતની કાળજી લેજો. અહી આપના દાંમપત્ય ભુવનમાં પ્રેમ અને સહકાર તમારા પ્રોત્સાહન શકિત જગાડશો. નવી પ્રેરણા પ્રાપ્ત કરી શકશો.

સંતાનો અને અભ્યાસ :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપના સંતાનો પ્રશ્ને આપની ઉંઘ હરામ કરી દેશે. આપને શાંતિથી બેસવા નહી દે તમારા સંતાનો પણ તમારી વિરૂધ્ધ જતા જોવા મળશે. તેમની તબીયત પણ આ વર્ષમાં ચિંતા કરાવી જાય.

જયારે અભ્યાસમાં વિદ્યાર્થીઓ માટે ધાર્યુ પરીણામ પ્રાપ્ત કરી શકશો. તેમની મહેનત ફળતી જણાશે. સહ અધ્યાયીઓ કરતા આગળ નીકળી જશો. જેટલી મહેનત વધારશો તેટલું ફળ વધુ સારૂ મળશે.

શત્રુ-કોર્ટ અને કચેરી :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપના શત્રુ કે પ્રતિસ્પર્ધી મુંજવણ હેરાન ગતી હશે તો તમે દુર કરી શકશો. વિજય મેળવી શકશો. તમારા વિરોધીઓની કારી ચાલશે નહી. સરકારી અને અદાલતનાં આંગણે રહેતા પ્રશ્નો પણ સાનુકુળ સમયમાં ઉકેલ આવતા જણાશે. ખર્ચ પણ વધુ જવા મળશે. સરકારી કામકાજો પણ ઉકેલતા જણાશે.

આરોગ્ય અને પ્રવાસ :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપનું આરોગ્ય નરમ ગરમ રહેતુ લાગે. અહીં મિશ્ર યોગ છે. આપનું આરોગ્ય બગડશે તો સામે સુધારાના યોગો છે. ચિંતા કરશો નહી. વડીલોની તબીયત સુધરતી જણાશે.

જયારે પ્રવાસ માટે કેટલાક નવા પ્રવાસનું આયોજન સફળ બનાવી શકશો. ધંધાકીય પ્રવાસો પણ થાય. તીર્થયાત્રાઓ પણ થશે.

### ધન રાશિ (ભ.ફ.ઢ.ધ) :-

વિક્રમ સવંત ૨૦૮૧ના પ્રારંભમાં ગુરૂદેવ રોગ ભુવનમાં પસાર થશે. તા.૧૫-૫-૨૦૨૫ના પ્રારંભમાં ગુરૂદુવ મિથુન રાશિમાં પ્રવેશ કરશે. શનિની અઢી વર્ષની પનોતી લોઢાના પાયે શરૂ થશે. થોડી માનસિક અશાંતિ કરાવે. પરંતુ ગુરૂદેવ વર્ષના મધ્ય સમય પછી રાહતરૂપ છે. ચાલુ વર્ષના ગ્રહયોગ જોતા માનસિક પરિસ્થિતિ તેમજ ચિંતાનો ઉકેલ કરાવે. વર્ષના શરૂઆતના સમયમાં થોડી ઉપાધીઓ રહે. પરંતુ વર્ષના મધ્ય સમય પછી તમારા અગાઉના સમયમાં થયેલી મુંઝવણનો ઉકેલ કરાવે. નવું સાહસ કરો તેમાં સફળતા મળે. આર્થિક બાબતોમાં થોડો સુધારો કરાવે. બુધ શુક્ર વર્ષની શરૂઆતમાં બારમાં ભુવનમાં હોવાથી ખર્ચનું પ્રમાણ વધુ રહે. તકલીફના સમયે શનિવાર કરવા બુધવારે ખિચડીનું દાન કરવું સૂર્ય ઉપાસના કરવી.

માનસિક સ્થિતિ :-

વર્ષના ગ્રહયોગ જોતા આપની માનસિક પરિસ્થિતિ એકંદરે સારી રહેશે. આપની માનસિક સ્થિતિ સમતોલન અને મજબુત રાખી શકશો. અમુક સમયમાં સારી તકોનું સાનુકુળતાઓ વાતાવરણ સર્જાતુ જોઈ શકશો. અહીં તમારે કોઈપણ જાતનો ભય, ડર, ચિંતા રાખવાની નથી. તમને મળતી તકનો ઉપયોગ કરવો. અહીં તમારી મહેનત પાણીમાં ન જાય. ફકત જરૂર છે મહેનતની. પ્રયત્ન કરતા રહેશો તો અચુક ફળ સારૂ મળશે. આધ્યાત્મિક બાબતોનું વાંચન કરવું. તમારી માનસિક સ્થિતિને પહોંચી વળવા તમે સક્ષમ રહેજો. માનસિક પરિસ્થિતિને વધુ પહોંચી વળવા આપને જરૂરથી મહેનત કરવી જોઈએ. એકંદરે વર્ષ સારૂ રહેશે. ખોટી ચિંતા અહી ન કરતા.

નાણાંકીય સ્થિતિ :-

વર્ષના ગ્રહયોગ જોતા આપની નાણાંકીય સ્થિતિને વર્ષની શરૂઆતમાં આપની આર્થિક બાબતોને વ્યવસ્થિત તેમજ સુધારવા માટેની ઘણી તકો મળશે. અવ્યવસ્થિત બની ગયેલ આર્થિક બાબતો વ્યવસ્થિત કરી શકશો. અહીં આવક જાવકના બંને પાસા યોગ્ય વિચાર કરીને પુરતી ગણતરી રાખીને તેનું આયોજન સારી રીતે કરી શકશો. તો આગળ જતા તમારે વધુ તણાવ નહી પડે. અહીં તમારે ધારેલ કાર્યમાં નાણાંકીય વ્યવસ્થા કરી શકશો. નવા ધંધા માટે નાણા રોકી રાખજો. આ સમયમાં મળનાર તકનો ફાયદો ઉઠાવી શકશો. અહીં શેર સટ્ટામાં બિલકુલ પડશો નહી અને કોઈના વિશ્વાસે કોઈ નાણાંકીય લેવડદેવડ કરશો નહી. નહીંતર ખોટા નુકશાન થશે. નાણાંની બચત કરી લેજો.

નોકરી અને ધંધાકીય બાબતો :-

વર્ષના ગ્રહયોગ જોતા નોકરીયાત વર્ગને અહીં કેટલીક સારી તકો મળતી રહેશે. આપની પ્રગતિ થતી જોઈ શકશો. અહીં માત્ર તમારે તટસ્થ અને મકકબ બનીને તમારી મંઝિલ સુધી પહોંચવાનું છે. આ વર્ષમાં બઢતી બદલીના પ્રશ્નો અંગે જોઈએ તેટલી સાનુકુળતા જણાશે નહી. તમારી પરિસ્થિતિથી લડવાની તૈયારી રાખજો. વર્ષમાં તમને સારા અને નરસા બંને જોવા મળશે.

જયારે વેપાર ધંધા માટે સારી તકો મળશે. પરંતુ તેમાં અવરોધો પ્રતિ સ્પર્ધીઓ વચ્ચે તમારા માર્ગમાં બોજ વધતો લાગશે. કોઈ ધંધા માટે નવા સાહસ ન કરવા સલાહ છે. અહીં તમારો આત્મ વિશ્વાસ અને હિંમત ગુમાવી ન બેસો તે જરૂરી છે. અહીં નુકશાન હાનિ યોગ પણ છે. તમારી માનસિક સ્થિતિને સુધારવા ભગવાનના જપ કરતા રહેજો.

જમીન મકાન સંપત્તિ અને મિલ્કત :-

વર્ષના ગ્રહયોગ જોતા આપની સંપતિ અંગે તમે ધારો છો તેવું થશે નહી. તે માટે તમારે જરૂરી નાણાની વ્યવસ્થા કરવામાં પણ અડચણ ઉભી થશે. તમારા વધુ પ્રયત્નો કરવાથી સફળતા મળશે. આ વર્ષમાં તમારે જમીન મકાન કોઈપણ પ્રકારની સંપતિ લે વેંચ કામમાં સાવચેત રહેવું પડશે. નહિંતર તો તેમાં વધુ ગુચવાય જશો. મનની મુંઝવણ વધતી જોવા મળે. આપની કૌટુંબિક સંપતિને લગતા પ્રયત્નો હશે તો તેને ઉકેલ અંતરાયો વધુને વધુ સરળતા ઓછી જણાશે. મિલકત જામીનગીરો મુકવામાં પણ ધ્યન રાખજો. આપ દુકાન મકાન કે જમીનના બાંધકામ માટે કોઈ મુડી રોકાણની ઈચ્છા આ વર્ષમાં ધરાવતા હોય તો પહેલા લખાણ દસ્તાવેજ કરવામાં ધ્યાન રાખશો. ભાડાના મકાન અંગેની સમસ્યા વધશે અને મકાન બદલી સ્થળાંતર કરવું પડે. આમ અહીં મિલ્કત સંપતિ અંગે રેતીમાં વહાણ હાંકવાનું છે.

લગ્ન અને દાંપત્ય જીવન :-

વર્ષના ગ્રહયોગ જોતા અવિવાહિત વ્યકિત માટે વિઘ્ન વિલંબ હશે તો તેમાંથી મુકત થશો. આપની પ્રભુતામાં પગલા પાડવાની ઈચ્છા પૂર્ણ થશે નહી. વર્ષમાં કેટલાક વિઘ્નો જણાતા હશે તો લગ્ન અંગેની ઈચ્છા પૂર્ણ થશે નહી.

જયારે દાંપત્ય જીવનમાં મધુરતાનું વાતાવરણ સર્જવા માટે તમારે ઘરના બહારના પ્રશ્નો ઘરમાં લાવી દાંપત્ય જીવનનો આનંદ ગુમાવશો નહી. તમારા જીવન સાથીની ઈચ્છા મહેચ્છાનું ધ્યાન રાખજો. શંકા કુશંકા કરશો તો જીવનસાથીનો પ્રેમ નહી પામી શકો. આપની જીવન સાથીની તબિયત અંગે ચિંતા રહે.

સંતાનો અને અભ્યાસ :-

વર્ષના ગ્રહયોગ જોતા આપના સંતાનોની ઈચ્છા પુર્ણ થશે. આપના સંતાનોના સ્વાસ્થયની ચિંતા દુર થશે. સંતાનોના કામમાં પ્રગતિ જણાય આપના સંતાનોના સારા પરિણામ જોઈ શકશો.

જયારે વિદ્યાર્થી વર્ગને જેટલી મહેનત કરશો તેટલું સારૂ પરિણામ મળશે. તમને તમારી મનપસંદ લાઈનમાં જવાની તક મળશે.

શત્રુ કોર્ટ કચેરી :-

વર્ષના ગ્રહયોગ જોતા આપના શત્રુ પાછા પડી શકશે તમારા વિરોધીઓ તમારૂ કઈ બગાડી નહી શકે. જયારે કોર્ટ કચેરીના પ્રશ્નોમાં વિજય મેળવવાનો છે. તમારા દાવા વિવાદમાં તમારા તરફી ચુકાદો આવશે. સરકારી કાર્ય અને કામોમાં વિઘ્ન વિલંબ હશે તો દુર થશે.

આરોગ્ય અને પ્રવાસ :-

વર્ષના ગ્રહયોગ જોતા આપના આરોગ્ય માટે સાવધાની જરૂરી નથી. આપનું અંગત આરોગ્ય અહીં તકેદારી માંગી લેશે. વડીલોની

(અનુ.છઠ્ઠાપાને.)

(પાંચમા પાનાનું ચાલુ)

તબિયત ચિંતા કરાવી જાય. આપની પત્નીનું આરોગ્ય ખાસ સંભાળ માંગી લેશે.

જયારે પ્રવાસ માટે અહીં લાંબા કરતા ટુંકા પ્રવાસ વધુ થાય. ધંધાકીય પ્રવાસ વધશે. તે માટે ખર્ચ પણ વધશે. ધાર્મિક યાત્રા પણ થશે.

**મકર રાશિ (ખ.જ.) :-**

વિક્રમ સવંત ૨૦૮૧ના પ્રારંભમાં તમારાં રાશિ સ્વામી ગ્રહ શાંન વર્ષની શરૂઆત માં બીભ ભવનમાં છે. ગુરૂદેવ પાંહચમાં ભવનમાં પસાર થાય છે. તેમજ વર્ષની શરૂઆતમાં બુધ શુક્ર લાભ ભવનમાં રહેનાર છે. સાળાસાતી પનોતીનો છેલ્લો તબકો સોનાના થયે છે. તે ઠીક ગણાય નહી. પંરતુ નવા વર્ષમાં બીજા ગ્રહયોગો સારા હોવાથી તમારી સમસ્યાનો અંત કરાવે આર્થિક લાભ કરાવે તા.૧૫.૦૫.૨૦૨૫ પછી ગુરૂદેવ મીથુન રાશીમા પ્રવેશ કરશે ત્યારબાદ થોડી તકલીફો કરાવે તા.૨૯.૦૩.૨૦૨૫ પદી શનિ દેવની પનોતીમાંથી તમે મુકત થશો. વર્ષની શરૂઆતમાં રાહુદેવ મીન રાશીમાં હોવાથી તમે કોઈપણ પરિસ્થતીનો મુકાબલો કરી શકો તકલીફના સમય શનિવાર કરવા તેમજ વિષ્ણુ ઉપાસના કરવી તેમજ આધ્યાત્મીક વાંચન કરવું ચાલુ સાલ પ્રવાસો માટે સારો સમય છે. તેથી રમણીય પ્રવાસો કરવા.

માનસિક પરિસ્થિતિ :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપની માનસીક પરિસ્થિતિ આપની સમસ્યા ઓનો અંત આવી જશે આપની ચિંત અંન આશાંનતી નો વાદળો હડતા જણાશે તમારા સાનુકુળ તાઓનો તેમ જેટલાં ઉપયોગ કરશો તેટલો લાભ જણાશે તમારી માનસિક પરિસ્થિતીને સુધારવા માટે તમારે આધ્યાતમીક બાબતીનુ વાંચન કરવું તમારુ મનોબળ અને આત્મવિશ્વાસ વધારશો તો વાધો નહિ આવે તમારી લાગણી દુભાવના કેટલાક પ્રસંગો પણ આવશે તેમાથી તમારે પાર થવાનું છે. અહી તમને નાના-નાના વિધ્નો આવશે જેમાથી તમારે બહાર નીકળવાનુ છે. કયારેક શારીરીક તકલીફો પણ વધશે તમારી અપેક્ષા વધતા જોવા મળશે પરંતુ તમારે મહેનત વધારવી પરશે.

વર્ષના ગ્રહયોગ જોતા આપની નાણાકીય સ્થિતીમાં સુધારો ભવા મળશે. આવક તેમજ ભાવક બંને સરખા પ્રમાણ માં રહેશે. અહાં તમે નાણાકીય ભેગવાઈઓ કરી શકશો તમારી ધારેલ ગણતરીઓ પાર પડતા લાગશે વર્ષમાં તમારી મહેનત લેખે લાગશે નહી. તેથી સંળગોનો બને તેટલો લાભ લઈ આવકમાં વધ્ધુ કરી લેજો વર્ષમાં એકવાત નોંધી રાખજો અહી તમારી નાણાકીય લેવડ ડેદડ અંગે કોઈના વિસ્વાસે રહેશો. નહિ. ધનહાનિ નુકસાન સંજોગો જોવાનો વારો આવશે જોગત બીનીને રહેજો અમુક સમયમાં અણધાર્યા લાભ મળે તો તેની તક ઝડપી લેજો .

નોકરી અને ધંધાકાપ બાબતો :-

વર્ષના ગ્રહયોગ જોતાં નોકરીયાત વર્ગ માટે તમારા શકિતઓ અને કામના અનુભવનાપ્રમાણમાં તમને જે કંઈ પ્રાટત થશે તો પણ તમને ઓછુ લાગશે નોકરીયાત વર્ગને બઢતા બદલીના થોગમાં ઘણી તકલીફો આવશે આપના ઉપરા અધીકારીનો સાથ સહકાર મળશે જેટલી મહેનત વધારશો તેટલા પ્રમાણમાં વધુ ફળ પાડતા કરી શમશો ઘણા બધી મહત્વની તકો મળે તો તેને ઝડપી લેજો.

જયારે ધંધા વેપાર માટે આપના વ્યવસાયના કોગ માં લાભ મળશે પરંતુ તકલીફો આવ્યા કરશે શેર સટા માં ના પાડવાની સલાહ છે. અમુક સમયમાં ઘણા સાવચેતી રાખજો તમારા મહત્વના કામમાં વિલંબ અવરોધ ભેવ મળશે તમારી શકિતનો અનભવ પણ વધારો કોઈની માટે પૈસાની લેવડ દેવડ ન કરવી ધંધામાં જોઈએ તેટલો લાભ મળશે નહી ધંધા માટે જોઈ તેટલી સહાનભુતી ના કરવાનસી સલાહ છે. વર્ષના ગ્રહયોગ લેતાં આપની સંપતી ના પાનોમાં મુશ્કેલી સર્ભશો તમારા પામોમાં પણ વધુ ગુચવાતા જોવા કળશે મિલકતનુ વેચાણ કરવા માંગતા હો તો તેમાં પણ વિલંબ અને નુકસાન જોવા મળશે નાની મોટી તકલીફો આવ્યા કરશે જમીનના કામમા ખરીદ વેચાણ માં પુરતુ ધ્યાન આપજો નહીતર નુકસાની નો વારો છે. કોઈ અણધારી સમસ્યામાં મુકાઈજશો. નવુ મકાન ન લેવાની સલાહ છે. નવી નવી વસ્તુ ઓનુ ખરીદતા અહાં જે કંઈ પણ કરો તો સો વાર વિચારી ને નવ ગરણે ગાળાને પદી જ આગળ વધજો માનસિક સતે સાનુકુળ હોય તે જ કરજો .

લગ્ન અને દાંમપત્ય જીવન :-

વર્ષના ગ્રહયોગ જોતાં અવિવાહિત વ્યાંકતમાટે ઉકલ મળતો જણાશે કુદરતી સહાય થતા આપના પ્રભાતમાં પગલા પાડવાની ઈચ્છા પુર્ણ થશે.

જયારે દાંમપત્ય જીવનમાં તમારા જીવનસાથીની ભાવના વર્તન અને નબળાઈને લક્ષમાં લેશો નહી. આપની પત્નીની તબીયત સાચવવી દાંમપત્ય જીવનમાં સુમેળ અને સહાકરભર્યુ વાતાવરણ સર્જવા માટે તમારા ગૃહજીવનની બાબતો તરફ ધ્યાન આપવું પડશે.

સંતાનો અને અભ્યાસ :-

વર્ષના ગ્રહયોગ જોતા આપના સંતાનોની ચિંતા વધતી જણાશે. આપના સંતાનોની આરોગ્યની ચિંતા પણ મનને ચેન લેવા દેશે નહી. આપના સંતાનો પોતાનું ધાર્યુ કરતા આપના દિલને ઠેસ પહોંચાડશે.

જયારે વિદ્યાર્થી વર્ગ માટે જેટલી મહેનત કરશો તેટલા સારા પરીણામ મળી રહેશે. તમારે એકાગ્રતા ધીરજ અને પુરૂષાર્થ સારા આવી જશે. વિદ્યાર્થી વર્ગને આળસ કરનાર વિદ્યાર્થીનું ભાવી પલટાઈ જશે. તમારી મનપસંદ લાઈનમાં જવાની ઈચ્છા પુરી નહી થાય.

શત્રુ-કોર્ટ અને કચેરી :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપના શત્રુઓ ચિંતા કરાવી જશે. તેમના કારણે તમને માનસીક તણાવ વધશે. કારણ વગરની ખટપટ જોવા મળશે. જયારે કોર્ટ કચેરીનાં દાવા વિવાદો હશે તો વર્ષમાં તેનો ઉકેલ આવશે. સરકારી કામકાજના વિવાદમાં ધીરજ રાખવી.

આરોગ્ય અને પ્રવાસ :-

વર્ષના ગ્રહયોગ જોતા આપનું આરોગ્ય સ્વસ્થ રહેશે. તમે તંદુરસ્તીનો આનંદ ભોગવી શકશો. આરોગ્ય અંગે કોઈ ખતરો જણાતો નથી. બહારનું ખાવા પીવાનું ટાળવુ જરૂરી છે. આરોગ્ય અનંગે પુરતી કાજી લેજો.

જયારે પ્રવાસ માટે સારા સંજોગો અને તકો મળશે. તેમાં પણ ખર્ચનો પણ સામનો કરવો પડશે. યાત્રા પ્રવાસ માટે પણ મુશ્કેલીઓ આવ્યા કરશે.

**કુંભ રાશિ (ગ.શ.સ.) :-**

વિક્રમ સવંત ૨૦૮૧ના પ્રારંભમાં તમારો રાશિ સ્વામી શનિદેવ તમારા રાશીમાં છે. ૨૦૮૧ના પ્રારંભમાં તમારો રાશિ શનિદેવ તમારી રાશિમાં છે. સાડાસાતી પનોતીનો બીજો તબકકો તાંબાના પાયે પસાર થાય છે. તા.૨૯/૩/૨૦૨૫ પછી સાળા સાતી પનોતીનો છેલ્લો તબકકો રૂપાના પાયે પસાર થાય છે. તેથી વર્ષની શરૂઆતના સમયમાં થોડી મુશ્કેલી આંતરીક અશાંતિ બેચેની તેમજ અજંપો કરાવે. વર્ષની શરૂઆતમાં ગુરૂદેવ પણ તમારા ચોથા ભુવનમાં પસાર થાય છે. તેને કારણે ઉપર બતાવેલા શનિ જેવા ફળ મળે. તા.૧૫/૫/૨૦૨૫ પછી ગુરૂદેવ મિથુન રાશિમાં પ્રવેશ કરશે. ત્યારબાદ થોડી રાહત કરાવે. વર્ષની શરૂઆતમાં બુધ તેમજ શુક્ર દસમાં ભુવનમાં હોવાથી તકલીફની અંદર થોડી રાહત કરાવે. વર્ષના મધ્ય સમય પછી માનસિક આર્થિક શારીરીક રાહતો કરાવે. એકંદરે ચાલુ વર્ષ શુભ રહે. તકલીફના સમયે શનિવાર કરવા, કાળા અળદનું દાન કરવું તેમજ આધ્યાત્મિક વાંચન કરવું.

માનસિક પરિસ્થિતિ :-

વર્ષના ગ્રહયોગ જોતા આપની માનસિક પરિસ્થિતિ ઠીક જોવા મળશે. મનમાં અશાંતિ અજંપો વધતો જોવા મળશે. જે તમે કયારેય પણ કલ્પના નહી કરી હોય. અમુક સમયમાં મુશ્કેલીભર્યા સંજોગોમાંથી પસાર થવું પડે તેમ લાગશે. ખોટા વિચારો તમારા મનમાં કોરી ખાતા જણાશે. માનસિક રીતે તમને નબળા પડતું જણાશે. તમારા મનમાં જે ખોટી ચિંતાઓ હોય તેને દુર કરજો. કયોર તડકો કયારેક છાંયો પણ આવશે. હિંમત હારવાની નથી. તમારા મનને મજબુત બનાવવા માટે તમારે ભગવાન ઉપર ભરોસો રાખજો તમને સહાય મદદ મળશે. પોતે ન કરવાનું ઘણીવાર કરી બેસો છો. તમારા મનને શાંત રાખી શકતા નથી. વાત વાતમાં ગુસ્સે થઈ જવું ચિડાઈ જવું ભગવાન ઉપર શ્રધ્ધા રાખજો. ખોટા વિચારો શંકા કુશંકા ન કરતા.

નાણાંકીય સ્થિતિ :-

વર્ષના ગ્રહયોગ જોતા આપની નાણાંકીય સ્થિતિમાં તમે ગમે તેટલા પ્રયત્નો કરશો તો પણ તેમાં સફળતા મળશે નહી. તમારી નાણાંકીય સ્થિતિ આર્થિક ભીંસના અનુભવ કરવો પડશે. તમારી આવકની સામે જાવક અને ખર્ચ પણ વધુ જણાશે. તમારી ધારણા મુજબ કંઈ કામ નહી થાય. કૌટુંબીક ખર્ચ પણ વધતો જોવા મળશે. અહીં અણધાર્યા ખર્ચ પાછળનો પણ સામનો કરવો પડશે. લાભને બદલે તમને નુકશાની પણ મળશે. કોઈની મદદ પણ લેવી પડશે. નાણાની બચત પણ અહી નહી થાય. પૈસાની લેતીદેતી ન કરવાની સલાહ છે. અમુક સમયે તમારે લોન પણ લેવી પડશે. તેમાં પહોંચી વળવા તમારે વધુ મહેનત કરવી પડશે.

નોકરી અને ધંધાકીય બાબતો :-

વર્ષના ગ્રહયોગ જોતા નોકરીયાત વર્ગને મહેનતના પ્રમાણમાં ફળ ન મળતા હતાશા નિરાશા પણ કરાવશે. ગમે તેટલું સારૂ કરતા હશો તો પણ તમારી કદર નહી થાય. ગમે તેટલું સારૂ કરવા જાવ તો પણ તમને અસંતોષ થશે. બઢતી બદલીના યોગ છે. પણ તેમાં તકલીફ થશે. માનસિક તાણા વધતો જોવા મળશે.

જયારે વેપારી વર્ગ માટે ધારેલ ઉઘરાણી લેણા સમયસર ન મળતા નાણાંકીય તંગી ભોગવવી પડે. આર્થિક વ્યવહારો કરવા માટે તમારા મગજને કામ કરતા રાખવું પડશે. તમને ઘણીવાર ધાર્યા રીતે નાણાં અને લાભના સંજોગો મળશે પણ તેમાં ખર્ચમાં પૈસા ખર્ચાઈ જશે. ભાગીદારી પેઢીમાં ન રહેવાની સલાહ છે. એકંદરે વર્ષ ઠીક જણાય છે. તમારી હિંમત અને આત્મ વિશ્વાસમાં કેળવતા રહેજો. વેપાર ઉદ્યોગ ધંધાના ક્ષેત્રમાં વિઘ્ન આવતા રહેશે. પરંતુ તેમાં સફળતા મળતી રહેશે.

જમીન મકાન સંપત્તિ અને મિલ્કત :-

વર્ષના ગ્રહયોગ જોતા આપની સંપત્તિને લગતા પ્રશ્નોમાં ઠીક જણાય છે. મકાન અંગેના કામમાં વિઘ્નો આવશે તેમાંથી તમારે પાર થવાનું છે. ભાડાના મકાનમાં રહેતા વ્યકિતને મકાન બદલવાનો વારો આવે. ઘરના મકાન માટે રાહ જોવી પડશે. જમીન મકાન સંપત્તિ અંગે કોઈપણ કાર્યો કરતા પહેલા વિચારજો મિલ્કતો અંગેના લખાણ કરવાનું ટાળજો. મિલ્કતો અંગે કોઈને કંઈ ઉપાધી ચિંતા સર્જાય બાપદાદાની મિલ્કતના વારસામાં લાભ નહી મળે. કોર્ટ કચેરીમાં જવું પડશે. કોઈના વિશ્વાસે વહાણ હાંકવું નહી. વિશ્વાસઘાત થશે. વડીલોપાર્જિત મિલ્કતમાં થોડો સમય માંગી લેશે.

લગ્ન અને દાંપત્ય જીવન :-

વર્ષના ગ્રહયોગ જોતા અવિવાહિત વ્યકિત માટે લગ્ન માટે હજુ રાહ જોવી પડશે. પાત્ર પસંદગી મુશ્કેલ બનતા જણાશે. જીવનસાથીની પસંદગી કરવામાં વાર લાગશે અને મનને થોડું મનાવવું પડશે. ધીરજ રાખીને ચાલશો તો અંતે કામ પાર પડશે.

જયારે દાંપત્ય જીવનમાં જીવનસાથીની તબિયત અંગે કાળજી લેતા રહેજો. દલીલ કે વાદ વિવાદમાં ન પડવું ટુંકમાં સમાધાનકારી વલણ અપનાવવું. અહીં બને તેટલું જતુ કરવાની ભાવના રાખજો.

સંતાનો અને અભ્યાસ :-

વર્ષના ગ્રહયોગ જોતા આપના સંતાનો અંગેની તકલીફો સમસ્યાઓનું નિરાકરણ મેળવી શકશો. સંતાનોની તબિયત અંગે સાચવણી જરૂરી બને. સંતાનોની પ્રગતિ જોઈ શકશો. સંતાનોના તેમના માર્ગે તેમની રીતે આગળ વધવા દેશો. તો સફળતા જોઈ શકશો.

જયારે વિદ્યાર્થી વર્ગ માટે અભ્યાસમાં સખત મહેનત કરતા પરિણામ નીચુ જોવા મળશે. મનમાં નિરાશા અનુભવાશે. અભ્યાસ માટે મહેનત વધારે કરવી પડશે. મહેનતના પ્રમાણમાં ઓછું પરિણામ મળશે.

શત્રુ કોર્ટ કચેરી :-

વર્ષના ગ્રહયોગ જોતા આપના શત્રુ વિરોધી ફાવી શકશે નહી. તેમની દરેક ચાલને તમે નિષ્ફળ બનાવી શકશો. તમારા શત્રુ તમને ઘણીવાર હેરાન પરેશાન કરશે. પરંતુ તમારો કુદરતી બચાવ થશે. જયારે કોર્ટ કચેરીના પ્રશ્નોમાં લાંબા સમયથી પડેલા પ્રયત્નોમાં ઉકેલ આવતો જોવા મળશે. માનસિક શાંતિનો અનુભવ થશે.

આરોગ્ય અને પ્રવાસ :-

વર્ષના ગ્રહયોગ જોતા આપના આરોગ્ય માટે મિશ્ર ફળ આપનાર નીવડશે. નાની મોટી બિમારીઓથી સાવધ રહેવું પડશે. સામાન્ય નાની ફરિયાદ આવ્યા કરે.

જયારે પ્રવાસ માટે શુભ છે. નવી તકો મળશે. આપના ધારેલા મનપસંદ પ્રવાસો આ વર્ષમાં કરી શકશો. પ્રવાસ દરમ્યાન કોઈવાર આરોગ્ય બગડતું જણાશે. ધંધાકીય પ્રવાસ પણ થાય.

**મીન રાશી : (દ.ચ.ઝ.થ.):-**

વીક્રમ સંવત ૨૦૮૧ ના પ્રારંભમાં તમારો રાંશ સ્વામી ગુરૂદેવ વર્ષની ત્શરૂઆમાં વર્ષભ રાશમાં રહેનાર છે. સાડાસતી મોટી પનોતીનો કડોર સમય ચાલુ છે. માથી ઉપરથી પસારથાય છે. તેથી આંતરીક અશાતી અજયો તેમજ બેચેની કરાવે તા. ૨૯.૦૩.૨૦૨૫ પદી શનિદેવ મીન રાશિમાં પ્રવેશ કરશે. શનિનો બીજો તબકકો દાતા ઉપરથી પસાર થશે સોનાના પાપે હોવાથી આંતરીક અશાતિ મુશ્કલીઓ ઊભી કરાવે તા.૧૫.૦૫.૨૦૨૫ પદી ગુરૂદેવ મિથુન રાશિમાં પ્રવેશ કરશે વર્ષની શરૂઆતમાં બુધ શુક્રભાગ્ય ભવન માંથી પસાર થશે ચાલુ વર્ષ તમારા ગ્રહો શુભ તેમજ અશુભબંને પ્રકારના છે. વર્ષની શરૂઆતમાં થોડો સમય સારો છે. તેવી મહત્વના નીર્ણય લેવા વર્ષની મધ્ય સમયે પદી બિનજરૂરી કોઈપણ નીર્ણય કરવા નહી. તકલીફના સમયે શનિવાર કરવા કાળાઅળદનુ દાન કરવુ ગણેશ જીની ઉપાસના તેમજ આધ્યાત્મિક વાંચન કરવુ.

માનસિક પરિસ્થિતિ

વર્ષના ગ્રહયોગ જોતાં તમારા માનસિક પરિસ્થિતિ એકાદરે ડાક જોવા મળશે તમારા મનપરનો બોજ ન્વધતો જોવા મળશે સમય બગાડશો નહી નહિતર નુકસાની નો વારો આવશે આપના મન પર ખોટા આવશે આવંગને ટાળવા તમારા મનને કાબમાં રાખેજો તમારૂમન વીચલીત કરે તેવી નાની એક બે ઘટના ઓને પણ બનશે પરંતુ તેને તમારે ગભીરતાથી લેવાની નથી તમારુ મનોબળ દઢ અને આત્મવિશ્વાસ ગુમાવતા નહિ. અમુક સમયે બેચેની અજંયો થશે પરંતુ તમારે આધ્યાત્મિક વાંચન કરવાથી રાહત મળશે મળશે સમય ગુમાવશો નહિ પરંતુ સદ ઉપયોગ કરજો મહેનત કરશો તો વાંધો નહિ આવે .

નાણાકીય સ્થિતિ :-

વર્ષના ગ્રહયોગ જોતા આપની નાણાકીય સ્થિતી અમુક સમયે સુધરતી જોવા મળશે અમુક સમયે તકલીફ આવી રહેશે પરંતુ તેમાથી તમારે તમારો મારગ શોધવાનો રહેશે તમારી નાણાકીય જવાબદારી સારી રીતે નીભાવી શકશો શેર સટાથી કોઈ લાભ જણાતો નથી આવક અને જવક બંને સરદા રહેશે મહેનત વિના કશુ મળશે નહિ તમારા આવક વધારવાના પ્રપત્નો કરશો તો અવશ્ય આવક મળી રહેશે સંકટની સ્થિતી લોન કે કરજ લેવાની જરૂરિયાત પણ ઊભી થશે સંકટની સ્થિતી જોવાનો વારો નહિ આવે ઘણી બધી મુસીબતો માંથી આપ મુકતી મેળવી શકશો.

નોકરી અને ધંધાકીય બાબતો :-

વર્ષના ગ્રહયોગ જોતા નલકરીયાત વર્ગ માટે વિકાસ થતો જોઈ શકશો અમુક સમયે વિદનો મુશ્કેલી ઓ આવતા હશે તો તેમાંથી પાર પઈ શકશો બઢતી બદલીના પોગ છે. પરંતુ તેમાં તકલીફ પણ આવ્યા કરશે ઉપરા આધિકારી પણ દબાણ કરશે તમારી પીઠપાછળ રાજ રમત રમાતી રહેશે.

જયારે વેપાર ધંધા માટે તમે નવા કોઈ ટલાનકરવા માંગતા હોવા તો તેમાં સફળતા પણ મળશે પરંતુ વિદન આવ્યા કરશે વર્ષમાં ખોટી ચિતાઓ કરવી નહિ તમારો રસ્તો આપમેળે શોધવાનો છે. કોઈ માણસની મદદ મળતા રહેશે કોઈપણ ધંધા ઉતાવળીયાં નિર્ણય કરવા નહિ ધીરજથી કામ લેજો કોઈપણ કામ કરો તો સો વાર વિચાર કરીને આગળ વધજો જેથી કરીને ભવિષ્યમાં પછતાવુ ના પાડે નવા ધંધા માટે સાહસ સમજ વિચારીને કરજો.

જમીન મકાન સંપતી અને મીલકત :-

વર્ષના ગ્રહયોગ જોતા આપની સંપતિ માટે મુશ્કેલી અને વિદનોનો સામનો કરવો પડશે તમારી તકલીફ વધતી જોવા મળશે તમે જે પણ કોઈ કાર્ય કરો તેમાં પાદા પડતા જળશે કૌટુંબિક મીલકતનો પ્રનોમાં નુકસાન આવ્યા કરશે અહાં સાવધાની રાખો તો તમારે ઘણુબધુ ગુમાવવાનો વારો આવશે વિવાસઘાત પણ થાય તમારી મહેનત ફળે નહિ સંપતિ લે વેચના ર્કાયોમાં લાભ ના બદલે નુકસાન જોવાનો વારો આવશે જમીન મકાનના સોદામાં સાવચેત રહીને કામ કરશો નહિ તો ફસાઈ જશો મકાન અંગે અણર્ધાયા ખર્ચ વધતા જણાય નધારેલી હેરાનગતી ઓ જોવી પડશે ભાડુઆતને વધારે સહનકરવાનો વારો આવે પોતાના માકન હોવા છતાં તેનો ઉપયોગ તમે કરી શકો નહિ.

લગ્ન અને દાંપત્ય જીવન :-

વર્ષના ગ્રહયોગ જોતાં અવિવાહિત વ્યકિત માટે સમય સારો છે. આપની ચિંતાનો ઉકેલ મળતો જણશે લગ્ન અંગે તમારા પસંદગી મુજબન પાગ મેળવી શકશો લગ્નની વાત ચીત આગળ વધતા જણાશે કેટલીક મુશ્કેલી ઓ જણશો

જયારે દાપત્યા જીવનમાં વર્ષમાં સારૂ વાતાવરણ સુર્યવે છે. અમુક સમયે ગેરસમયે વધારો તમારુ સ્વમાન ધવાતુ જણાશે બીજની લાગણીને અનુકુળ થઈ રહેશો તો શાતી જળવી શકશો

સંતાનો અને અભ્યાસ :-

વર્ષના ગ્રહયોગ જોતા આપના સંતાનો માટે મિકા સમય જણાયછે. આપના સંતાનોના લાગતા પાનો માં ઉકેલ જોવા મળશે. સંતાનીની પ્રગતી પણ જોવા મળશે સંતાનો માટે કાળજી લેજો તો પણ ધાર્યપરિણામ નહિ મળે મહેનત સખત કરવી પડશે અભ્યાસ માટે વિદેશના યોગ નથી.

શગુ કોર્ટ અને કચેરી :-

વર્ષના ગ્રહયોગ જોતાં આપના વિરોધ કે શગુ ઓથી કાંઈ ચિતાનુ કારણ બનતુ નથી ગમે તેટલા પયત્નો કરશે તમારા વિરોધ પણ તમારુ કોઈ બગાડી શકશે નહિ જયારે કોર્ટ કચેરી ના આગણે ઉકેલ મળતો જોવા મળશે મનને શાંતી મળશે .

આરોગ્ય અને પ્રવાસ :-

વર્ષના ગ્રહયોગ જોતા આપના આરોગ્ય ડાક જણાય છે. અકસ્માત ઈજાથી સાચવવાની સલાહ છે. ઘરના કોઈ સ્વજન માંદગી આ વર્ષમાં ચિતાં કરવી નય બહરનુ ખાવાપીવાની ટાળજો નહિતર નાની બિમારી આવશે

જયારે પ્રવાસમાં પણ ઘણા અવરોધો જણાશે ખર્ચ પણ વધ થશે પ્રવાસમાં હેરાનગતિ જોવા મળશે લાબાં પ્રવાસ નહિ થાય ટંકા પ્રવાસ થશે આપનામનપસંદ પ્રવાસ નહિ થાય વિદેશયાત્રા આપની ઈચ્છા અધુરી રહે.

# નવા વર્ષનુ દેશ અને દુનિયાનું ભવિષ્ય : સંવત ૨૦૮૧ ની નવા વર્ષનુ કુંડલી

વિક્રમ સંવત ૨૦૮૧ નો પ્રારંભ તા. ૧.૧૧.૨૦૨૪ અમાસને ગુરૂવારે સાંજે ૬ કલાક ૧૮ મીનીટ પદી નવા વર્ષનો પ્રારંભ થાય છે.

વિહમ સંવત ૨૦૮૧માં ચાર ગ્રહણ થનાર છે.

(૧) છાયા ચંદ્રગ્રહણ

ફાગણ સુદ પુનમને ગુરૂવારે તા. ૧૪.૦૩.૨૦૨૫ ના રોજ સિંહ તેમજ કન્યા રાશિમાં આ ચંદ્રગ્રહણ થનાર છે. ભારતમાં નહી દેખાય .

(૨) ખંડગ્રાસ સુર્યગ્રહણ

કાગણ વદ અમાસને શિનવારે તા. ૨૯.૦૩.૨૦૨૫ ના રોજ આ ગ્રાહણ મીન રાશમાં થનાર છે. આ

ખંડગ્રાસ સુર્યગ્રહણ ભારતમાં નહિ દેખાંય

(૩) ખગ્રાસ ચંદ્રગ્રહણ

ભાદરવા સુદ પુનમ રવિવારે તા.૭.૦૯.૨૦૨૫ ના રોજ કુંભ રાશિમાં થનાર છે. આ ખગાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે તેમજ ધાર્મિક દ્ષ્ટિએ પાઠવાનુ છે.

(૪) ખંડગ્રાસ સુર્પગ્રહણ

ભાદરવા વદ અમાસને રિવવારે તા. ૨૧.૦૯.૨૦૨૫ ના રોજ કન્યા રાશમાં થનાર છે. આ ખંડગ્રાસ સુર્પગ્રહણ ભારતમાં નહી દેખાય. તેથી પાડવાનુ નથી.

વિક્રમ સંવત ૨૦૮૧ નો પ્રારંભ મેષ લગ્નમાં છે. મેષ લગ્નનો માલિક તરીકે મંગળ ચોથી ભવનમાં નીચ રાશમાં છે. ગરૂદેવ બીભ ભવનમાં વુષભ રાશમાં બુધ શુકની પ્રિતપ્રિતમાં છે. તેમજ સાતમાં ભવન માં સુર્પ ચંદ્રની પ્રતી છે. શિન લાભ ભવનમાં છે. તેમજ બારમાં ભવનમાં રાહુ રહેનાર છે. અહી મંગળનુ જન્મ લગ્ન હોવાથી વર્ષની રાજુઆતમાં દેશ વિદેશોમાં કુદરતી આપતી આંતકવાદી હુમલા અને પુધ્ધ જેવુ વાતા વરણ રહે અહાં બારમાં ભવનમાં રાહ હોવાથી ભારત દેશને તેના પાડોસી દેશ ધુરા થોડી તકલછફો કરાવે રોજ ભવનમાં હેતુ છે. તેમજ આ ભવનનો માલિક તરીકે બુધ આઠમાં ભવનમાંહો વાભી દેશ વિદેશમાં ચિત્ર- વિચિત્ર બિમારી કરાવે. વર્ષની શરૂઆતમાં મંગળદેવ જલ રાશિમાં હોવાથી જલ હોનારત કરાવે તેમજ દેશ - વિદેશમાં ઠંડીનુ પ્રમાણ વધુ રહે તેમજ ધરતી કંપના બનાવોમાં વધારો કરાવે સતકારક ગ્રહ સુર્ય નીચ રાશીમાં છે. તેમજ દસમાંભુવનમાં પ્લુટો પમગ્રહ તરીકે છે. તેમજ મંગળની દ્રષ્ટી દસમાં ભવનમાં હોવાથી દેશ-વિદેશમાં સત્તા પરીવર્તન કરાવે. દેશ -વિદેશની નામાંકીત વ્યકિત ઉપર હુમલાઓ કરાવે. નવા વર્ષની કુડલીમાં સુર્ય ચંદ્રની યુતી સાતમાં ભવનમાં છે. તેથી લોકોની ચિતામાં વધારો કરાવે. દેશ વીદેશમાં અપરાધની ઘટના ઓ વારંવાર બને. નવા વર્ષની શરૂઆતમાં શાંનદેવ લાભ ભવનમાં છે. તા.૨૯.૦૩.૨૦૨૫ પછી શાનદેવ મીન શાંશમાં રાહ સાથે પ્રતિમાં છે. શાંન રાહુની પ્રતી તા ૧૮.૦૫.૨૦૨૫ સુધી રહેનાર છે.આ સમય દેશ વદિશ માટે અતિ કઠોર રહેશે નવા વર્ષની કુંડલિમાં ગુરૂદેવ બીજા ભવનમાં બુધ સાથે પ્રતિપ્રતિમાં હોવાથી દેશ વિદેશમાં વેપાર રોજગારની અંદર વધારો ધરાવે માર્ચ મહિનાની અંદર બુધ મીન શાંશમાં તેમજ શુક્રમીન રાશીમાં શનિ શુક્ર તેમજ મેટચન મીન રાશીમાં હોવાથી દેશ વિદેશોમાં કમોસમી વરસાદ વરસે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, દિલ્હી તેમજ મધ્યપ્રદેશ વગેરેમાં કમોસમી વરસાદ કરાવે ગુરૂદેવ તા.૧૫.૦૫.૨૦૨૫ પછી ગુરૂદેવ મિથુન રાશિમાં પ્રવેશ કરશે ત્યારે બાદદેશ વિદેશમાં થોડી રાહતો કરાવો તા.૨૯.૦૭.૨૦૨૫ પછી શાંન તેમજ મંગળની પ્રતિપ્રતિ હોવાથી દેશ વિદેશમાં અઘટત બનાવો બને.

ચંદ્રગ્રહણ તા.૧૪.૦૩.૨૦૨૫ ના રોજ સિંહ તેમજ કન્યા શાંશમાં થનારા છે. ગ્રહણ સમયે શનિ કુંભ રાશિમાં છે. તેમજ બુધ સાથે પ્રતિમાં છે. તેથી અપરાધોના બનાવોમાં વધારો કરાવે સિંહ તેમજ કન્યા શાશમાં ગ્રહણ થનાર હોવાથી અમેરીકા, ભારત, પાકિસ્તાન તેમજ દેશ -વિદેશમાં પુર્વ તેમજ પકિમના ભાગમાં કમોસમી વરસાદ વરસે તેમજ કુદરતી આપતિ ઓ કરાવે તેમજ અસાધારણ બનાવોમાં વધારો કરાવે.

ફાગણ વદ અમાસ શનિવારે સુર્યગ્રહણ તા.૨૯.૦૩.૨૦૨૫ ના રોજ છે. આ દિવસે શાંન પણ મીન રાશમાં પ્રવેશ કરે છે. તેથી સુર્યગ્રહણ અગાઉ. તેમજ સુર્યગ્રહણ બાદ અમુક દિવસ દેશ તેમજ વિદેશમાં અતિ વિકટ બનાવો બને આ ગ્રહણ મીન રાશનમાં હોવાથી દેશ ઉતરના ભાગમાં તેમજ વિસ્વની ઉતરના પ્રદેશોમાં અતિ સકટ કરાવે

ભાદરવા સુદ પુનમ શનીવરે તા. ૭.૦૯.૨૦૨૫ ના રોજ ચંદ્રગ્રહણ છે. આ ચદ્રગ્રહણ કુભ રાશમાં છે. તેથી ગુજરાત.મહારાષ્ટ્ર.રાજસ્થાન. વગેરેમાં તેફાની વરસાદ પવનોનુ ભેર વધુ રહે શાંન મંગળની પ્રતી પ્રતી આસમય માં કડોર હોવાથી વિના શહારિ ભકંપના બનાવો બને તેમજ દેશ વિદેશમાં તીવ્ર ગરમી રહે

**હવામાન સંવત ૨૦૮૧**

નવા વર્ષ પ્રરંભમાં મેષ લગ્ત્ન છે. મંગળ કર્ક રાશીમાં હોવાથી દરિયાઈ તોફાનો વાવાઝોડાની સંભવના રહો અહી નવા વર્ષની કુંડલીમાં મંગળ સુર્ય ચદ્રનો કેન્દ્ર પોગ હોવાથી દેશ વિદેશમાં વિક્રમી (અતિશય) ઠંડા પડે અમુક પ્રદેશમાં બરફ પડવાની પુરી સંભાવના છે. વર્ષ ની શરૂઆત માં ગુરૂદેવ વક્ર હોવાથી તા. ૫.૦૨.૨૦૨૫ સુધી ગુરૂ વક્ર હોવાથી વિકટ પરિસ્થિતિઓ ધરાવે ફેબુઆરી મહીનામાં શુક્ર રાહુ તેમજ શનિ મીન રાશનમાં હોનાથી ગુજરાત માં કમોસમી વરસાદ કરાવે માર્ચ મહિનાની શરૂઆતથી જ ગરમીનુ પ્રમાણ વધારે એપ્રિલ મહિનામાં સુર્ય શનિ શુક્ર તેમજ રાહુ બુધ નેચનલ વગેરે મીનરાતમાં હોવાથી સમ્રગ દેશમાં કમોસમી વરસાદ રહે મે મહિનામાં સુર્ય ઉંરચનો હોવાથી ગરમીનુ પ્રમાણ તીવ્ર રહે આગામી નવા વર્ષમાં ચોમાસા દરીયાનાં સુર્ય આગળ મંગળ રહેનાર છેૅ. પરંતુ મંગળ બેથી ત્રણ રાશિ દુર હોવાથી વરસાદ સારો પડે જુલાઈ માસમાં બુધ જલ રાશમાં તેમજ નેપચ્યુન મીન રાશંમાં છે. ટલુટાં મકર રાશમાં હોવાથી વરસાદ આ સમયમાં સારો પડે. તા.૨૦.૦૮.૨૦૨૫ પદી બુધ શુક્રની પ્રતિ તા.૩૦.૦૮.૨૦૨૫ સુધી રહેનારા છે. તે સમય ગાળામાં વરસાદ સારો પડે ગત સાલ દિપોત્સવી અંકમાં મે જણાવેલ હતુ કે દેશભરમાં ચોમાસુ સારૂ શહેશે તેમા ગત સાલ તા.૩૧.૦૫.૨૦૨૫ સૌરાષ્ટ્ર ભૂમી દૈનિક અંકમાં મે લખેલ હતુ કે ચોમાસુ અમપસર શરૂ થશે તેમજ દેશ ભારતમાં સારો વરસાદ પડશે .

ભારતીય રાજકારણ : ગત વર્ષ દિયોત્સવી અંકમાં મે જણાવેલ હતુ કે નરેન્દ્રમોદી ફરી એકવાર દેશના વડાપ્રધાન બનશે. તે પ્રમાણે નરેન્દ્રમોદી વડાપ્રધાન બનેલ છે. આગામી નવેમ્બર મહીનામાં જમ્મુ કશ્મીર તેમજ હરિયાણામાં વિધાન સભાની ચુંટણી થનાર છે.આ બંને રાજયોમા કોઈપણ પક્ષને પુરી બહમતી મળે તેવી કોઈ શકયતા નથી બંને રાજયોમાં અન્ય પક્ષોના ઠેકાથી સરકાર બનશે. આગામી ૨૦૨૫ના વર્ષમાં બિહાર, મહારાષ્ટ્ તેમજ દિલ્હીમાં ચુંટણી થવાની છે. હું લખી રહયો ત્યારે ચુંટણીની કોઈ તારીખ નકકી થયેલ નથી. પરંતુ નવા વર્ષની કુંડલીના આધારે દિલ્હી વિધાનસભાની ચુંટણીમાં નવા-જુની કરાવે મહારાષ્ટ્ર માં આધાર સરકારની અંદર ઘણી સમસ્યાઓ કરાવે ઉદવ ઠાકરેની ગ્રહોની ચાલ લેતા ભારતીય જનતા પક્ષ સાથે જોડાણ કરે તો મને નવાઈ નથી લગતી બિહારની અંદર ચુંટણીમાં એનડીએ એક સાથે સંપીને ચુંટણી લડે તો પુરી સફળતા મલે ને નરેન્દ્ર મોદીની કુંડલી જોતા તુલા લગ્ન છે. અમુક જયોતિષીઓ વૃશ્ચિક લગ્નની કુંડલી માંડે છે. મારા અનુભવ પ્રમાણે નરેન્દ્ર મોદી કુંડલી તુલા લગ્નની કુડલી ફિટ બેસે છે. હાલ ચુંટણીમાં તેને સફળતા મળેલ કારણકે ગુરૂદેવ વર્ષભ રાશમાં છે. મે મહિનામાં પણ ગુરૂદેવ વૃષભ રાશિમાં હતો દસમાં ભવનમાં પસાર થતો હતો. તેથી ત્રીજીવાર વડાપ્રધાન બન્યા છે. તેની કુંડલીમા ચોથા ભવનમાં રાહુ હોવાથી તેના વિરોધીઓ પ્રમાણમાં છે. તા.૧૫.૦૫.૨૦૨૫ પદી ગુરૂદેવ મીથુન રાશિમાં પ્રવેશ કરાશે ત્યારે બાદ તેમની નામના વધુ કરાવે ભારતીય જનતા પાટીની કુંડલીમાં વૃષભ લગ્ન છે. વૃષભ લગ્નમાં ગુરૂ હોવાથી લોકો સતાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીને સફળતા મલી અને સરકાર રચાય મે મહીના પછી જે પણ રાજયમાં ચુંટણી થશે તેમાં ભારતીય જનતા પાર્ટીને લાભ કરાવશે મે ૨૦૨૫ પહેલા એકવાર નરેન્દ્ર મોદી ની સરકાર ઉપર અવિવાસ પ્રસ્તાવ દાખલ કરાવે ૨૦૨૬ જુન પદી કર્ક રાશનો ગુરૂ દેશમાનં ભારતીય જનતા પાર્ટીની સરકાર વિરૂધ્ધ આંદોલનો કરાવે તેમજ અહી કર્કના ગુરૂમાં ભારતીય જનતા પાટીની અંદર થોડાક આંતરાક ખેચતાણ પણ કરવે તેમજ તેના સાથી પકો સાથે થોડા ખેચતાણ કરાવે નવી લોકસતાની ચુંટણી કદાચ એકદ વર્ષ વહેલી કરાવે નવા વર્ષની કુંડલીમાં દસમાં ભવનમાં ટલુટો છે. તેમજ દસમાં ભવનમાં મંગળની દ્રષ્ટી છે.તેમજ દસમાં ભવનની માલીક તેમજ કારક ઉપર મંગળની દ્રષ્ટી હોવાથી કોગ્રેસ તેમજ અન્ય વિરોધ પક્ષની અંદર ફાટફુટનું પ્રમાણ વધુ રહે.

# શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મસમાજ, જૂનાગઢ દ્વારા નવા વર્ષે જ્ઞાતિનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાઈ ગયો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મસમાજ, જૂનાગઢ દ્વારા ઘણા વર્ષો પહેલાંથી એક એવી પરંપરા શરૂ કરવામાં આવી છે કે, નવા વર્ષે જ્ઞાતિજનોને એકબીજાના ઘરે આશિર્વાદ લેવા અને દેવા જવામાં શહેરમાં દૂર દૂર ઘરો આવેલા હોવાથી જ્ઞાતિજનને તેમના સગા વ્હાલાને મળવા જવામાં સમય, શક્તિ અને નાણાંનો વ્યય થતો હતો તે અટકાવવાના શુભ હેતુથી દર વર્ષે બેસતા વર્ષ સબબ જ્ઞાતિનો એક સ્નેહ મિલન સમારંભ શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ ટ્રસ્ટની વાડી, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે સાંજે ૫.૩૦ થી રાખવામાં આવે છે અને સ્નેહ મિલન બાદ સમુહ ભોજનનો કાર્યક્રમ રાખવામાં આવે છે. ચાલુ વર્ષે તા.૨/૧૧/૨૦૨૪ના રોજ ૫.૩૦ કલાકે બેંકના નિવૃત્ત કર્મચારી નવનીતભાઈ એ. મહેતાના પ્રમુખસ્થાને નવા વર્ષના સ્નેહ મિલનનો કાર્યક્રમ યોજવામાં આવેલ, જેની શરૂઆતમાં જાણીતા રંગ રસાયણના વેપારી હરીશભાઈ વસંતરાય ઓઝા, જયંતીભાઈ જી.મહેતા, નવનીતભાઈ મહેતા, ગં.સ્વ. સરસ્વતીબેન મહેતા, કાંતિભાઈ મહેતા તથા પ્રફુલભાઈ મહેતાના હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવેલ ત્યારબાદ બાદ મંચ ઉપર ઉપસ્થિત નવનીતભાઈ મહેતા, જયંતીભાઈ મહેતા, સરસ્વતીબેન મહેતા, નરેન્દ્રભાઈ દવે, પ્રફુલ્લભાઈ મહેતા અને અતુલભાઈ મહેતાનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. પ્રાસંગિક પ્રવચન માં મંચસ્થ મહાનુભાવોએ નવા વર્ષની સર્વે જ્ઞાતિજનોને શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે જ્ઞાતિના તેજસ્વી બાળક જયમીન રવિભાઈ મહેતા કે જેઓ આગામી સમયમાં દૂરદર્શન ઉપર પ્રસારીત થનાર રામાનંદ સાગરના પુત્ર દ્વારા તૈયાર કરવામાં આવેલ "કાગ ભુસંડીજી" સિરિયલ માં બાળ હનુમાનની ભુમીકા ભજવી રહ્યા છે તેની તેમણે જાણકારી આપી ત્યારે તાળીઓથી હોલ ગાજી ઉઠયો હતો. છેલ્લે બધા હળીમળીને આશિર્વાદ, શુભેચ્છાઓની આપલે કરી સમુહ ભોજનનો આનંદ લુંટી છુટા પડ્યા હતાં. સ્વાગત પ્રવચન પ્રફુલભાઈ મહેતાએ કર્યું હતું, જ્યારે આભારવિધિ નરેશભાઈ ઓઝાએ કરી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન હિ.મો.મહેતાએ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર ટ્રસ્ટી મંડળએ જહેમત ઉઠાવી હતી.

### નવા વર્ષની શરૂઆતમાં દારૂના દૂષણ ને ડામવા મહિલાઓ બની રણચંડી

# કોડીનાર પંથકમાં પોલીસની નિષ્ક્રિયતાથી કંટાળી દારૂના દૂષણને ડામવા મૂળ દ્વારકા બંદરે મહિલાઓએ જનતા રેડ કરતા ચકચાર



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૬

કોડીનાર શહેર અને તાલુકાભરમાં દેશી વિદેશી દારૂનો તંત્રની મીઠી નજર હેઠળ ધૂમ વેપાર થાય છે. સ્થાનિક લોકો દ્વારા તંત્રને વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા દારૂના ધંધાર્થીઓને માત્ર પ્રોત્સાહન જ આપવાનું ચાલુ રાખતા પોતાના સ્વજનો દારૂ ઢીંચીને રોજિંદા ઘર કંકાસથી કંટાળી છેવટે નવા વર્ષની શરૂઆતમાં જ કોડીનાર તાલુકાના મૂળ દ્વારકા બંદરની મહિલાઓ રણચંડી બની મૂળદ્વારકા બંદરની એકસો જેટલી મહિલાઓએ પોતાના બંદરના વિસ્તારને અને ખાસ કરીને પોતાના બાળકો અને પુરૂષોને દેશી પોટલીની લતમાંથી છોડાવવા મેદાને આવી સંખ્યાબંધ દારૂના ધંધાર્થીઓને ત્યાંથી દેશી દારૂની પોટલીઓ ઝડપી લઈને પોલીસ તંત્રની આબરૂનું લીલામ કર્યું હતું. કોડીનારનું મૂળદ્વારકા બંદર ઉપર માછીમારી પ્રજા રહે છે આ બંદર વિસ્તારમાં ખુલ્લેઆમ વેચાતા દારૂના દૂષણથી અનેક પરિવારોના લોકો આ દારૂના દૂષણમાં પાઈમાલ થઈ ગયા છે દેશીદારૂ ને વધુ અસરકારક બનાવવા માટે તેમાં ભેળવતા ઝેરી તત્વોના કારણે અનેક પરિવારોના મોભીઓ તેનો ભોગ બન્યા છે અને સંખ્યાબંધ મહિલાઓ નાની ઉંમરમાં વિધવા બની છે દેશી દારૂની લતમાં નાની ઉંમરના બાળકો પણ આ દૂષણોનો ભોગ બન્યા છે અનેક પરિવારના મોભીઓ આ દારૂના લતને કારણે નાની ઉંમરમાં અવસાન પામવાના બનાવ બનતા આ વિસ્તારની ઘણી મહિલાઓ નાની ઉંમરમાં જ વિધવાઓ બની છે અને નાના બાળકો પણ આ દારૂની લતે ચડવાના કારણે આ વિસ્તારની મહિલાઓ દારૂના ધંધાર્થીઓને કારણે તંગ આવી ગઈ છે અને પોલીસ તંત્રની સતત નિષ્ક્રિયતાથી કંટાળી છેવટે રણચંડી બની હતી અને મૂળદ્વારકામાં અનેક જગ્યાએ દારૂની પોટલીઓ વેચનારા ઉપર ઘોષ બોલાવી હતી કોડીનાર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ અનેક જગ્યાએ દેશી દારૂની મીની ફેક્ટરીઓ ચાલે છે દારૂના તાલુકાના ગામડે ગામડે દેશી વિદેશીઓ દારૂ ખુલ્લેઆમ વેચાય છે. તંત્ર જાણે દારૂના ધંધાર્થીઓ સામે આંખ મીચામણા કરી તાબોટા પાડી રહ્યા છે ત્યારે તંત્રને ખરેખર કંઈક શરમ જેવું હોય તો કોડીનાર તાલુકાની પ્રજાને નશામુક્ત કરવા માટે દારૂના ધંધાર્થીઓ ઉપર કડક પગલાં ભરે તે ઈચ્છનીય છે. અત્રે ઉલ્લેખનીય છે કે સતત બે દિવસે મહિલાઓએ કરેલી જનતા રેડના વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા કોડીનાર પંથકમાં પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે ત્યારે હવે તો આ તંત્ર કુંભકર્ણ ની નિંદ્રા માંથીજો જાગે અને કોડીનાર પંથકમાંથી દારૂના દૂષણને સદંતર બંધ કરાવે તેવું ભદ્ર સમાજ ઈચ્છી રહ્યો છે.

# રાજગોર બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા સ્નેહમિલન યોજાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

રાજગોર બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા રવિવારના રોજ ગાંધીગ્રામ ખાતે આવેલ રાજગોર બ્રાહ્મણ વિદ્યાર્થી ભુવન ખાતે નૂતન વર્ષ નિમીતે સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પુ. નિજસ્વરૂપસ્વામી, માજી ધારાસભ્ય ભીખાભાઈ જોષી, શશીકાંતભાઈ બોરીચાંગર, યોગી સરબત વાળા પ્રવિણભાઈ, ગોરધનભાઈ જોષી, જગદિશભઈ ભરાડ, દિનેશભાઈ જોષી સહિત



જ્ઞાતિજનો ઉપસ્થિત રહી નૂતન વર્ષની શુભેચ્છાઓ અરસપરસ વ્યકત કરી અલ્પાહાર સાથે લીધ હતો.

# જૂનાગઢમાં જાહેરમાં જુગાર રમતા છ શખ્સોને ઝડપી લેતી પોલીસ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢના ધરાનગર વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા છ શખ્સોને પલીસે ઝડપી લઈ તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈ બી.બી. કોળી અને સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે ધરાનગર વિસ્તારમાં હનુમાનચોકની બાજુ વાળી શેરી પાસે કેટલાક શખ્સો જુગર રમતા હોવાની બાતમીના આધારે જુગાર અંગે દરોડો પાડતા જીજ્ઞેશભાઈ ડાયાભાઈ વાઘેલા, જયદેવ પ્રવિણભઈ મકવાણા, વિપુલ રમેશભાઈ મુછડીયા, નયન મુળદાસ શ્રીમાળી, અશ્વિન ઉર્ફે અજીત કારાભાઈ મકડીયા, હાર્દિક દિનેશભાઈ ચાવડા વિગેરેને રૂા.૧૮,૫૦૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝલ્પી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# આર્મીના કેપ્ટન તરીકેની ઓળખ આપી છેતરપીંડી કરનાર શખ્સની ધરપકડ

જૂનાગઢ તા.૬

આર્મીના કેપ્ટન તરીકેની ઓળખ આપીને રેલ્વેમાં લોકો પાયલોટની નોકરી અપાવવાની લાલચ આપી વિશ્વાસઘાત કરી અને છેતરપીંડી કરનાર શખ્સની ગણતરીના કલાકોમાં જ પોલીસે ધરપકડ કરી છે અને તેના વિરૂધ્ધ આગળની કાર્યવાહી હાથ ધરીછે.

આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર આર્મીના કેપ્ટન તરીકેની ઓળખ આપી રેલ્વેમાં લોકો પાયલોટની નોકરી અપાવવાની લાલચ આપી રૂા.૩,૦૩,૦૦૦/- ની છેતરપીંડી કરી ધાકધમકી આપવા અંગેનો એક બનાવ પોલીસ દફતરે નોંધાયો હતો. આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦, ૪૧૯, ૪૭૧, ૪૬૫, ૪૬૮, ૪૬૯, ૧૭૦, ૧૭૧, ૫૦૬ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવેલ અને આ કામના આરોપી પ્રવીણભાઈ ધીરૂભાઈ સોલંકી રહે.પીપળવા (બાવાના) તા.કોડીનાર, જી.ગીર-સોમનાથ વાળાએ આ ગુનો આચર્યો હોવાનું ફલીત થયું હતું. દરમ્યાન ગુનાની ગંભીરતાનો ધ્યાનો લઈ અને આરોપીનો હ્યુમન શોર્ષ તથા ટેકનીકલ સર્વેલન્સના આધારે ગણતરીના કલાકોમાં જ તોને ઝડપી લેવામાં આવેલ છે. જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી હિતોષ ધાધલીયાની સુચના અંતર્ગત પોલીસની વિવિધ ટીમોએ તપાસ હાથ ધરી અને આ શખ્સને ઝડપી તેના વિરૂધ્ધ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢમાં ઉર્ષે હામીદીની શાનદાર ઉજવણી કરાશે : તડામાર તૈયારી

જૂનાગઢ તા.૬

આગામી તા.૯-૧૧-૨૦૨૪, શનિવારના રોજ ઈશાની નમાઝ બાદ રાત્રે ૧૦.૦૦ કલાકે સોરઠીયા મુસ્લીમ ઘાંચી જમાતખાના, ચંપાફળીયા મસ્જીદ પાસે, જૂનાગઢ ખાતે એક શાનદાર જલશાનું આયોજન કરેલ છે.

જેમાં શહેઝાદાએ આ'લા હઝરત મુફતી હામિદ રઝા ખાન સાહેબનાં ઉર્ષની ઉજવણી કરાશે જેમાં હાજી મુહમ્મદ હનીફભાઈ કચરાનાં સુપુત્ર મુહમ્મદ ગુલઝારની શાદીનાં મુબારક મોકા ઉપર જમાતે રઝાએ મુસ્તુફા, જૂનાગઢ દ્વારા એક શાનદાર જલસાનું આયોજન કરવામાં આવેલ છે. આ તકે બરેલી શરીફ (યુ.પી.) થી ખાસ મહેમાન આલે નબી વ ઔલાદે અલી, ખાદીમે દરગાહ સરકાર આ'લા હઝરત દરગાહે હુઝૂર તાજુશ્શરિયાહ, હઝરત સૈયદ કૈફી અલી રઝવી કીબ્લા આ જલ્સામાં ખાસ હાજરી આપશે. જૂનાગઢનાં તમામ સુન્ની રઝવીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહેલ છે. હઝરત સૈયદ કૈફી અલી તેમના અનોખા અંદાઝમાં તેમજ સુરીલા કંઠે ના'ત અને મનકબત પેશ કરશે. આ તકે તમામ સુન્ની બિરાદનો આ જલસામાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા આયોજક હાજી મુહમ્મદ હનીફભાઈ કચરાએ જણાવેલ છે.

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **હિતેન્દ્ર રામજી ભાલોડીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **હિતેન્દ્રભાઈ રામજીભાઈ ભાલોડીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**હિતેન્દ્રભાઈ રામજીભાઈ ભાલોડીયા**

સીલ્વર ફલોરા ૫૦૧, સીલ્વર પાર્ક, હવેલી એપા.

ઝાંઝરડા રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **રીધમ હિતેન્દ્ર ભાલોડીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **રીધમ હિતેન્દ્રભાઈ ભાલોડીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**રીધમ હિતેન્દ્રભાઈ ભાલોડીયા**

સીલ્વર ફલોરા ૫૦૧, સીલ્વર પાર્ક, હવેલી એપા.

ઝાંઝરડા રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **હંસા હિતેન્દ્ર ભાલોડીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **હંસાબેન હિતેન્દ્રભાઈ ભાલોડીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**હંસાબેન હિતેન્દ્રભાઈ ભાલોડીયા**

સીલ્વર ફલોરા ૫૦૧, સીલ્વર પાર્ક, હવેલી એપા.

ઝાંઝરડા રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧






**સ્વચ્છ શહેર - સ્વસ્થ શહેર**

**ભીનો અને સુકો કચરો અલગ રાખીએ**

**માણાવદર નગરપાલિકા પરીવાર તરફથી**

નૂતનવર્ષનાં મંગલ અરૂણોદયે સર્વે નગરજનોને ''દિપાવલી'' અને નૂતનવર્ષ''નાં પાવન પર્વની ઘણી ઘણી શુભકામના તેમજ આગામી ''નૂતનવર્ષ'' આપ સર્વે માટે આરોગ્યવર્ધક, સમૃધ્ધિવર્ધક અને સુખાકારી બક્ષનાર બની રહે એજ અભ્યર્થના.. સહ ફરી એક વખત આપ સર્વેને આ મંગલમયી પર્વની શુભેચ્છાઓ...

''આપણું શહેર સ્વચ્છ શહેર'' એ ઉકિતને સાર્થક બનાવવા ચાલો સૌ સાથે મળી સ્વચ્છતાનો દિપ પ્રગટાવીએ અને આપણા શહેરને સ્વચ્છ બનાવવા નીચે મુજબનાં સંકલ્પ કરીએ

- નિયમીત રીતે નગરપાલિકાના વેરા ભરીએ, જન્મ-મરણ અને લગ્ન નોંધણી અચુક કરાવી જાગૃત નાગરીક બનીએ
- કચરો હંમેશા કચરા પેટીમાં જ નાખીએ અને શહેરને સ્વચ્છ રાખીએ
- સુકો-ભીનો કચરો અલગ રાખીએ અને ડોર ટુ ડોર કલેકશન માટે આવતા નગરપાલિકાના વાહનમાં ઠાલવીએ
- ખુલ્લામાં શૌચક્રિયા ન કરીએ, જયાં ત્યાં કચરો ફેંકી ગંદકી ન કરીએ
- પ્લાસ્ટીક હટાવીએ પર્યાવરણ બચાવીએ
- આપણું ઘર, આપણી શેરી, આપણી સોસાયટી અને આપણું શહેર સ્વચ્છ રાખીએ અને સરકારશ્રીના સ્વચ્છતા અભિયાનમાં પૂર્ણ સહકાર આપીએ.

**એમ.આર. ખીચડીયા**
ચીફ ઓફીસર
નગરપાલિકા - માણાવદર

**કે.જે. મારૂ**
વહીવટદાર,
નગરપાલિકા - માણાવદર

**તથા નગરપાલિકાનાં તમામ કર્મચારીગણ તરફથી આ મંગલકારી પર્વની શુભેચ્છાઓ...**



**જુના અને હઠીલા દર્દોમાં હોમીયોપથી સારવાર**

જીવન અમૃત હોમીયોપેથીક નિદાન કેન્દ્ર

Reg. No. G8133

**ડૉ. પરિમલ એન. ત્રિવેદી**

(B.H.M.S.)

Mo. 94274 46575

સમય : સવારે ૧૦ થી ૧



રવિવારે બંધ

મેરિકલ કોમ્પ્લેક્ષ, બીજા માળે, મોતીપેલેસની બાજુમાં, HDFC બેંકની બાજુમાં, રાયજીબાગ સામે, જૂનાગઢ. website : drtrivedis.com



શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?

**ઓપરેશન કરાવતા પહેલા**

**આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ**

૨૦ વર્ષનાં અનુભવી

કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો

(પચીસ રોગોની કાયાકલ્પ દવા)

હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે

**(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)**

**મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ**

**(મું. વડાલ વાળા)**



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત

(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )


અન્યો માટે રાહતદરે સારવાર

**હરિ-કલા**

યુરોસર્જીકલ હોસ્પિટલ

**ડો. જયંત એચ. પંડયા**

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**

**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**



ડો. રિતેશ એન. ચૌહાણ
B.D.S. (ડેન્ટલ સર્જન)
REG No. A-4171

M. 97127 30451



**સ્મિત ડેન્ટલ કેર**

૨૦૮, બીજો માળ, રાયજી નગર શોપીંગ સેન્ટર, ઓરીએન્ટલ બેંક ઉપર, મોતીબાગ, જૂનાગઢ.

સમય : સવારે ૯-૩૦ થી ૧-૦૦ સાંજે ૪-૩૦ થી ૮-૩૦

સોમ-બુધ-શુક્ર : જૂનાગઢ • મંગળ - ગુરૂ - શનિ : ભેસાણ



Since 1983

શંખ બ્રાન્ડ મસાલા

ગાયત્રી મસાલા

મો. ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો



